
vitraag vigyaan

અનન્ય પરિવર્તન

July 2019, Mumbai • Volume 9 • Issue 4



गुरू एक तेज है, जिनके आते ही,
सारे सन्शय के अंधकार खतम हो जाते है।

गुरू वो मृदंग है, जिसके बजते ही
अनाहद नाद सुनने शुरू हो जाते है।

गुरू वो ज्ञान हैं, जिसके मिलते ही
भय समाप्त हो जाता है।

गुरू वो दीक्षा है, जो सही मायने
में मिलती है तो भवसागर
पार हो जाते हैं।

गुरू वो नदी है, जो निरंतर
हमारे प्राण से बहती हैं।

गुरू वो सत् चित् आनंद है,
जो हमें हमारी पहचान देता है।

गुरू वो बांसुरी है, जिसके बजते ही
मन और शरीर आनंद अनुभव करता है।

गुरु वो अमृत है, जिसे पीकर कोई
कभी प्यासा नही रहता है।

गुरू वो कृपा है, जो सिर्फ कुछ सद
शिष्यों को विशेष रूप मे मिलती है और
कुछ पाकर भी समझ नही पाते हैं।

गुरू वो खजाना है, जो अनमोल है।

गुरू वो प्रसाद है, जिसके भाग्य में हो उसे कभी कुछ भी मांगने की
ज़रूरत नही पड़ती है।।

અનુક્રમણિકા

પ્રાર્થના ૨
પૂજ્યશ્રીની સાથે - વચનામૃતની વાટે ૩
જ્ઞાન સાગર ૪
पूज्यश्री की अमृतवाणी ૭
The Master's Voice ૯
સત્પુરુષાર્થ ૧૧
પત્રોની પાંખે ૧૩
जैन धर्म की किर्ति गाथा ૧૪
શ્રીમદ્ રાજચંદ્ર અંતર ચારિત્ર - એક
સંશોધનાત્મક પ્રયાસ ૧૫
મુમુક્ષુની કલમે ૧૮
પ્રશ્નોત્તરી ૨૦
શ્રી રાધાવતાર ૨૨
SRATRC - Kolkata ૨૫
પૂજ્ય કુંવર મા ૨૬
સદ્‌ગુરુ વૈદ્ય - પરમાર્થ ડૉક્ટર ૨૮
ઓલ ઇન્ડિયા ન્યૂઝ પેપર કલેકશન
સ્વયં સેવકની સ્પેશિયલ શિબિર ૩૦
हे गुरु! क्या कहुँ? ૩૧
જાણ્યું - અજાણ્યું - લખાણું ૨૯
RIYF ૩૪
Health to Happiness ૩૬
Tasty Bites ૩૭
તત્ત્વ ઉકેલ ૩૮
Forthcoming Events ૩૯
Sponsorship ૪૦

EDITORIAL

અહો શ્રી સત્પુરુષ કે વચનામૃતમ્ જગલિતકરમ્,
મુદ્રા અરુ સત્સમાગમ, સ્મૃતિ ચેતના જાગૃતકરમ્.

જેમના સાનિધ્યમાં રહેવાથી દેહભાવ મટી જઈ આત્મભાવ જાગૃત થાય, જેમના વચનો સર્વને હિતકારી થાય, જેમની આંખોમાંથી સદૈવ કરૂણાભાવ વહેતો હોય અને જેમના સ્મરણમાત્રથી જીવની સુષુપ્ત ચેતના જાગૃત થઈ, આત્મવિકાસના પંથે આગળ વધે છે એ છે શ્રી સદ્‌ગુરુ. શ્રી સદ્‌ગુરુની અનન્ય કૃપાની અનુભૂતિ અને તેમના સાનિધ્યથી, તેમની આજ્ઞાના આરાધનથી નિજ ગુણોના પ્રાગટ્યને ઉજવવાનો અવસર એટલે ગુરુપૂર્ણિમા.

આજથી ૧૧ વર્ષ પહેલાની ગુરુપૂર્ણિમાના મહામંગલકારી અવસરે, 'અનન્ય પરિવર્તન' દ્વિમાસિકનો શુભારંભ થયો અને પૂજ્યશ્રીના આશીર્વાદ અને પ્રેરણાથી, એમાં છપાતી લેખન સામગ્રીના વાંચનથી અનેકના જીવનમાં અનન્ય પરિવર્તનનો આવિર્ભાવ થયો એજ ૧૧ વર્ષની સફરની સાફલ્યતા છે.

અનન્ય પરિવર્તન દ્વિમાસિકમાં પૂજ્યશ્રીના વચનામૃતો, તેમના દ્વારા અપાયેલો પુરુષાર્થ અને એ પુરુષાર્થ કરવાની સરળ રીતો, મુમુક્ષુઓ દ્વારા પૂછાયેલા સવાલોના પૂજ્યશ્રી દ્વારા અપાયેલા જવાબો, મુમુક્ષુઓ દ્વારા કરાયેલા પુરુષાર્થથી જીવનમાં થયેલા અનુભવો, વિવિધ સેન્ટરોમાં યોજાતી સત્પ્રવૃત્તિઓના અહેવાલ, પ્રેરણાત્મક કથાઓ, તત્વની વ્યાખ્યાઓ સરળતાથી યાદ રહી જાય એ માટે અપાતી તત્વ પહેલીઓ અને તેના ઉકેલ, આરોગ્યપ્રદ વાનગીઓની રેસીપી વિગેરે વિગેરે અનેકવિધ વાંચન સામગ્રી અનન્ય પરિવર્તનના અંકમાં ગુજરાતી, હિંદી તેમજ અંગ્રેજી ભાષામાં આપવામાં આવે છે.

ગુરુપૂર્ણિમાના આ પાવન અવસરે સદ્‌ગુરુ પરમ કૃપાળુદેવ અને પરમ પૂજ્યશ્રીના ચરણોમાં અનંતાકોટિ વંદન સહ તેઓશ્રીએ કહેલ પુરુષાર્થ દ્વારા આત્મિક ગુણોને વિકસાવી, પ્રાપ્ત થયેલ મનુષ્યજીવનમાં એવું અનન્ય પરિવર્તન લાવીએ કે હવે વારંવારના જન્મ મરણના ફેરામાંથી મુક્ત થઈ શકીએ.

પ્રાર્થના

મારી તો માંગ છે ઘણી,
ઓ ઐશ્વર્યના ધણી...

મને શક્તિ આપ, મને ભક્તિ આપ,
ઈચ્છા રહિત થવાની વૃત્તિ આપ!

ચિંતન આપ, મનન આપ,
દિવસ ને રાત તારું સ્મરણ આપ.

બીજાના દોષ ન જોઉં, એવી દ્રષ્ટિ આપ,
નિમિત્તને દોષ ન દઉં, એવી વૃત્તિ આપ.

તારા વચનોનું ઘૂટન આપ,
મોક્ષ સુધી તારું શરણ આપ.

દેહ ન જોઉં,જોઉં આત્માને, એવી દ્રષ્ટિ આપ,
આત્મા સિવાય ન કરું કોઈ ભાવ, એવો સ્વભાવ આપ.

કષાયની ઉપશાંતતા આપ, કેવળ મોક્ષ અભિલાષા આપ,
સ્વ અને પરની દયા આપ, ક્ષમા આપ!!

આ બધી માંગણી છે...
સત્ માંગણી કરું એવી બુદ્ધિ આપ,
સંસારમાં હર માંગણીની ઈચ્છાથી મુક્તિ આપ!!

મને ભક્તિ આપ... મને શક્તિ આપ...

પૂજ્યશ્રીની સાથે – વચનામૃતની વાટે

- મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર એ ચારેય ભેગા થાય એનું નામ છે અંત:કરણ. આ અંત:કરણ એ અત્યારનાં જીવન કરતાં ઘણું ઘણું વિસ્તાર પામેલું છે. અત્યારે આપણું જ્ઞાન ઘર, રસ્તો, ગામ, દેશ જેટલું છે, પણ અંતરંગ જ્યારે બરાબર સમજવામાં આવે ત્યારે આખા બ્રહ્માંડનું જ્ઞાન ત્યાં રહેલું છે.
- આ પિતા, પતિ, પત્ની, પુત્ર મારા કર્મરૂપે હાજર થયા છે. આ કર્મથી છૂટવું છે. પત્ની સાથે અબોલા કરવાના નથી, એને બહુજ ખુશ રાખવાની છે. કર્મને ભગાડીને છૂટવાનું નથી પણ કર્મ સાથે અત્યંત સમતાભાવથી વર્તીને, કોઈપણ નેગેટીવ રીએક્શન ન આપીને છૂટવાનું છે. આજથી પત્નીને કે પતિને સારું લાગે તે કરવાનું છે.
- મન, બુદ્ધિ, ચિત્ત, ઈન્દ્રિયોથી જે સમજ્યા છો એ બહારથી સમજ્યા છો. આ બધું વાંચન, ધર્મની સમજણ, પરમ કૃપાળુદેવનાં પદ વિગેરે વાંચ્યા પછી તમને લાગે કે મને આ બધું સમજાય છે તો એ તદ્દન ખોટું છે. નક્કી માનજો એ નથી સમજાણું. તે વખતે મનમાં બોલવું કે કેવળીના જ્ઞાનમાં છે એ મારે સમજવું છે, જ્ઞાને કરીને સમજવું છે. કારણ કે અત્યાર સુધીની જે સમજણ છે એ બાહ્ય છે. સંસારભાવથી જ સમજ્યા છીએ, પરમાર્થે નથી સમજાયું. આ ખાસ વિચારવાનું, સમજવાનું છે.
- **વર્ધમાન સમકિત થઈ, ટાળે મિથ્યાભાસ;**
  ઉદય થાય ચારિત્રનો, વીતરાગ પદ વાસ.
  સમકિતમાં ખૂબ ખૂબ આગળ વધ્યા પછી ચારિત્ર ક્રમશ: વધતું જાય છે. આજે તો આખી દુનિયા જેટલા વધારે ઉપવાસ થાય એનું નામ ચારિત્ર કહે છે. કપડા સીવેલા ન હોય અને સફેદ હોય એનું નામ ચારિત્ર. વીતરાગનું ચારિત્ર અને અત્યારનું ચારિત્ર એ બે માં કેટલો ભેદ છે એ સમજવાનું છે. અત્યારે જે છે એને ચારિત્રમોહ કહેવાય, ચારિત્ર નહીં.
- જ્યાં સુધી સાચી સમજણ ન હોય તેને દર્શનમોહ કહેવાય અને સાચી સમજણ પડે એને સમ્યકદર્શન કહેવાય. આઠમાં ગુણસ્થાનકે જ્ઞાને કરીને, સમજણે કરીને વીતરાગે જે કહેલું છે એ સમજાય એવું છે, તે પહેલા નહીં, નહીં ને નહીં.
- જીવને સંસાર રોગ - ભવરોગ લાગેલો છે. ઘણીવાર સાંભળેલું છે પણ આ શબ્દને ગંભીરતાથી લીધો નથી. સંસારનાં બીજા રોગ એક વાર મરણ આપે છે, પરંતુ ભવરોગ તો અનાદિકાળથી અનંતવાર મોત આપે છે. અજ્ઞાની જીવ જીવે છે ત્યારે એવી રીતે જીવે છે કે હું ક્યારેય મરવાનો નથી, અજ્ઞાની એટલે આપણે બધા. વર્ષો સુધી વર્ષગાંઠ, લગ્નદિવસ વગેરેની એવી રીતે ઊજવણી કરીએ છીએ જાણે ક્યારેય મરવાના નથી. આથી મોટા દુ:ખની વાત શું હોઈ શકે ? અનંતવાર મોતે મર્યા છીએ છતાં લાગે છે કે અજર - અમર છું.
- વીતરાગનો કહેલો ધર્મ એ જ સર્વશ્રેષ્ઠ છે, જન્મ મરણથી છૂટવાનું ઔષધ છે. આ એક જ વાક્ય મહિનાઓ સુધી વિચારવામાં આવે તો એનું અદ્‌ભુત અદ્‌ભુત ફળ મળે. ચિંતવન એટલે વારંવાર ઊંડાણથી વિચાર કરવો. ઘણા સમય સુધી વિચાર ચાલ્યા કરે ત્યારે પ્રશ્ન થાય વીતરાગ એટલે શું ? વીતરાગનો કહેલો ધર્મ કેમ અત્યંત સાચો છે ? જે જીવ સાચો જીજ્ઞાસુ હોય, મુક્તિ માટે અત્યંત એવી તાલાવેલી લાગેલી હોય તેને પછી વીતરાગનો વિચાર કરતાં વીતરાગતા શું છે એ સમજાય છે.
- ઘણા લોકોને થશે કે અમારાથી વિશેષ વાંચન, વિચાર, ચિંતવન થતું નથી તો પણ કોઈ જાતની ચિંતા કરવાની નથી. જો આ જ્ઞાન માર્ગ છે તો બીજો ભક્તિમાર્ગ, પ્રેમમાર્ગ છે, જેના બળવાન ઉદાહરણ મીરાંબાઈ, રાધા, નરસિંહ મહેતા, કબીર, બનારસીદાસ વિગેરે છે. હમણાનું ઉદાહરણ લઈએ તો પ્રભુશ્રીજી, શ્રી સૌભાગ્યભાઈ જેમને પરમ કૃપાળુ દેવ પ્રત્યે અદ્‌ભુત એવી ભક્તિ -પ્રેમ હતો. કંઈ ન આવડતું હોય, વાંચતા વિચારતા ન આવડે પણ પ્રેમ કરતા તો આવડે ને ? પણ એ પણ નથી આવડતું. તન - મન - ધન સર્વસ્વની જ્યારે સોંપણી થાય ત્યારે સાચો પ્રેમ કહેવાય. સંસારના મોહમાંથી જો બહાર નીકળે તો આવો અદમ્ય પ્રેમ કરી શકે. ◆

સમકિતનું સરનામું

આત્માનો મુખ્ય ગુણ સ્વ પર પ્રકાશક છે. આખા બ્રહ્માંડમાં બીજા કોઈ પદાર્થમાં આ ગુણ નથી. આ ગુણનો દરેકને અનુભવ છે છતાં આ ગુણ આત્માનો છે એનો વિચાર માત્ર નથી. 'હું આત્મા છું,' 'મેં જોયું જાણ્યું,' આવી નાની નાની પ્રેક્ટીસ કરીએ તો આત્મા હાજર થાય જ.

લોકના મુખ્ય છ દ્રવ્યની જ્યારે વાત આવે ત્યારે તેનાં મુખ્ય ગુણોનો વિચાર કરી ગુણ ભેદે કરી, વસ્તુને ઓળખવાની રહે છે. પુદ્ગલ (અજીવ),જેને આપણે જન્મજન્માંતરથી જાણીએ છીએ તેના મુખ્ય ગુણ છે રૂપ, રસ, ગંધ, સ્પર્શ, શબ્દ.

જેવી રીતે જડના ગુણો વિચારતા સમજણ પડી કે આ જડ છે, એ રીતે પાંચ ઈન્દ્રિયોથી જે જે પદાર્થ ઓળખી શકાય છે એ જડ પુદ્ગલ છે. આપણી પાસે જાણવા, સમજવા માટે ફક્ત પાંચ ઈન્દ્રિયો છે, માટે આપણે જે કંઈ જાણીએ છીએ એ જડ છે.

આજ પ્રકારે આત્મદ્રવ્યનો વિચાર કરવાનો છે. આત્માનું રટણ થવું જોઈએ. આત્માનું અસ્તિત્વ, 'હું આત્મા જ છું' તે પાકું કરવાનું છે.

શરૂઆતમાં જ્ઞાનીના વચનથી માની લીધું હતું. હવે આ માન્યતાને વિશ્વાસ, શ્રદ્ધા, પ્રતીતિ અને અનુભવમાં ફેરવવાની છે.

જ્ઞાનીએ કહ્યું, 'આત્મા છે' એ માની લીધું, પણ શબ્દ 'આત્મા' જાણીએ છીએ. થોડાક સમય માટે પૂર્ણ વિશ્વાસ, શ્રદ્ધા રાખવી પડશે. ઉદા. ગેસ ઉપર કુકર મુક્યું છે તો થોડીવાર પછી સીટી વાગશે. થોડીવાર રાહ જોવી જ પડશે. નવી ફેક્ટરી ચાલુ કરી છે તો થોડા મહિનાઓમાં બધું સેટ થઈ જશે અને પ્રોફીટ દેખાશે જ એવો વિશ્વાસ જોઈએ. એવી જ રીતે વિશ્વાસ રાખવાનો છે કે આત્મપ્રાપ્ત પુરુષે જે કહ્યું છે એ સાચું છે.

જ્ઞાનીના વચન ઉપર વિશ્વાસ રાખી એને ડેવલોપ કરી શ્રદ્ધા થતાં પછી પ્રતીતિ મળે. આત્મા પોતે અંતરંગથી કહેશે કે મારો પુરુષાર્થ ચાલે છે, ભવિષ્યમાં મને ચોક્કસ આત્માની પ્રાપ્તિ થશે. જેમ પરિક્ષા આપી હોય અને ખાત્રી હોય કે મને ૯૫ ટકા મળશે જ.

એવી રીતે કોઈ ખોટા કામ કરતું હોય તો ખચકાય છે. આત્માનો ગુણ ખોટા કામ કરી પરિભ્રમણ વધારવાનો નથી. એટલે આપણે આત્માને ઓળખીએ કે ન ઓળખીએ, આત્મા બધી વખતે આપણને ટોકે છે; 'આ નથી કરવાનું, આ નથી કરવાનું...' પણ આત્માનું ન માનીને લોભ, લાલચ, કર્મવશ ખોટા કામ આપણે કરીએ છીએ.

એજ રીતે જ્યારે શ્રદ્ધા અત્યંત બળવાન થશે તો તમારો આત્મા ચોક્કસ અંદરથી જવાબ આપશે કે હવે તૈયારી અત્યંત સરસ થઈ ચૂકી છે. આજ પ્રમાણે જો નિયમિત રીતે પુરુષાર્થ ચાલશે તો આત્મજ્ઞાન અવશ્ય થશે. આ પ્રતીતિ છે. એક જ ભવની અંદર રોજ ૮-૧૦ કલાકનો બળવાન પુરુષાર્થ, ૫-૭ વર્ષ નિયમિત રીતે થાય તો આત્મા હાજર જ છે. પણ આવો પુરુષાર્થ પોસીબલ નથી કારણ કે ભણતર, નોકરી, બિઝનેસ એવા સંસારનાં હજાર કામ છે જે કરવા જ પડે. આખી જિંદગી માટે દ્રવ્યની ગોઠવણી કરેલી હોય, સંસારના કોઈ કામ કરવાના બાકી ન રહે, નિવૃત્તિ હોય અને પછી ચિંતન, મનન, વિચાર ચાલે તો આત્મા ચોક્કસ હાજર થાય. કરોડો વર્ષનું સાટુ આ એક ભવમાં વળી જાય. આટલું થાય તો આત્માનો આંશિક અનુભવ થઈ જાય છે (બીજુ સમકિત). આત્માનો આંશિક અનુભવ થાય ત્યારે સંસાર પુરેપુરો હોઈ શકે છે, અમુક અંશે કષાય પણ હોઈ શકે છે. સમકિત થયા પછી બધી વસ્તુ ક્રમશઃ દૂર થાય છે. ત્યારે કંટ્રોલ અજ્ઞાની આત્માના મન, બુદ્ધિ પાસે નથી હોતો, શુદ્ધાત્મા પાસે હોય છે.

જ્ઞાનીની આજ્ઞાની માન્યતા પછી વિશ્વાસ, શ્રદ્ધા, પ્રતીતિ... પછી અનુભવ ચોક્કસ થશે. જે શુભાશુભ કર્મો બાકી હોય એ પુરા કરીએ તો નવા કર્મબંધન ન થતાં ૫-૭ ભવે મોક્ષ મળે કારણ કંટ્રોલ શુદ્ધાત્મા પાસે છે.

દરેક પદાર્થને વિશે કોઈ એક ગુણ મુખ્ય હોય જ, જે ગુણ બીજા પદાર્થમાં ક્યારેય ન હોય. આત્મા નામના પદાર્થમાં જોવા અને જાણવાનો વિશિષ્ટ ગુણ છે. જે જાણે છે, જુએ છે, સમજે છે, અનુભવે છે, જેની સ્મૃતિમાં સર્વ કાંઈ રહે છે તે પદાર્થ આત્મા છે.

આત્માના જોવું, જાણવું, અનુભવવું આ બધા ગુણો આપણા બધામાં છે. ઉદા. આગમાં હાથ લાગી જવાથી દઝાય છે તો બીજીવાર એ ચીજ જાણી જોઈને કરતા નથી. આપણી પાસે અનુભવ છે કે આ નથી કરવા જેવું. આ ગુણો આપણા બધામાં છે પણ એ ગુણોને શરીરનાં લક્ષે બોલીએ છીએ.

દરેક વખતે મનમાં રહેવું જોઈએ કે જે કંઈ મને ખબર પડે છે, સમજાય છે, અનુભવમાં આવે છે (જોવા-જાણવાનું) એ પદાર્થ આત્મા છે. બીજા કોઈપણ પદાર્થમાં આવા ગુણ ન હોય.

...સ્વ-પર પ્રકાશક એવી ચૈતન્ય સત્તાનો પ્રત્યક્ષ ગુણ જેને વિશે છે તે પદાર્થ આત્મા છે.

સ્વ પ્રકાશક...

આત્મા પોતે પોતાને ઓળખતો નથી માટે સ્વનો અનુભવ નથી, સમજણ પણ નથી. 'હું આત્મા છું' એ માનવા પણ લોકો તૈયાર નથી. અમુક પ્રયોગો કરી ચોક્કસ જાણી શકાય છે કે આ શરીરની અંદર જીવ તત્વ છે, એ વિકાસ કરીને આત્મા થઈ શકે છે, વધારે વિકાસ કરીને પરમાત્મા પણ થઈ શકે છે.

પર પ્રકાશક...

પર કહેતાં આત્મા સિવાય આખા બ્રહ્માંડમાં જેટલા પદાર્થો છે એના પરિચયમાં જ્યારે આપણે આવીએ છીએ ત્યારે એને પોતાની ક્ષમતા પ્રમાણે બરાબર જોઈએ-જાણીએ છીએ, સમજીએ છીએ અને અનુભવ પણ કરીએ છીએ.

નરકમાં જઈએ તો ૧૦૦ ટકા ખબર પડે છે કે બીજાને પણ આવો ભયંકર ત્રાસ ભોગવવો પડે છે. મારો વારો પણ આવવાનો છે. દેવલોકમાં જાહોજલાલી અને સુખનો અનુભવ થવાનો છે. તીર્યંચમાં એ પ્રમાણે દુ:ખનો અનુભવ થવાનો છે.

અંધારામાં પ્રકાશનું ઉદાહરણ

એક મોટો હોલ છે. ઘોર અંધકાર સિવાય કંઈ પણ દેખાતું નથી. જરાક, અત્યંત ઓછો પ્રકાશ, અંધારાની ક્વોલીટીમાં થોડો ફરક ... અંધકારનું ધાબુ. જરાક વધારે પ્રકાશ, કાળા ઓળાઓ, ઝાંખી આકૃતિઓ દેખાય. તેનાથી જરાક વધારે પ્રકાશથી બારી, બારણા, ફર્નિચરની આકૃતિઓ દેખાય છે. હજી જરાક વધારે પ્રકાશ થતાં આકૃતિઓ અત્યંત સ્પષ્ટ છતાં ઝાંખા રંગ સાથે દેખાય. પૂર્ણ ઝળહળતો પ્રકાશ... ઝીણામાં ઝીણી વસ્તુ સ્પષ્ટ દેખાય છે.

આપણો આત્માને ઓળખીએ કે ન ઓળખીએ, આત્મા બધી વખતે આપણને ટોકે છે; 'આ નથી કરવાનું, આ નથી કરવાનું...' પણ આત્માનું ન માનીને લોભ, લાલચ, કર્મવશ ખોટા કામ આપણે કરીએ છીએ.

આત્મા જ્યારે નિગોદમાં છે ત્યારે ઘોર ઘોર અંધકાર છે, કંઈ દેખાતું નથી. જેમ જેમ આગળ વધતો જાય છે અને મનુષ્ય દેહ પ્રાપ્ત થાય છે ત્યારે એને બધું દેખાય છે, સમજાય છે પણ જે ખરેખરું ચોખ્ખું દેખાવું જોઈએ એવું દેખાતું નથી. 'હું આત્મા છું' એ નથી દેખાતું, પરને જ એ જુએ છે. પછી ધર્મધ્યાન આત્મઆરાધના કરતાં કરતાં સ્પષ્ટપણે નક્કી થાય છે કે આ દેહની અંદર જાણવાવાળો કોઈ પદાર્થ છે, જે આત્મા છે, 'હું જ આત્મા છું' 'હું જ આત્મા છું'. ત્યારે કહેવાય પોતે પોતાને હવે ઓળખે છે, સ્વપ્રકાશક થયો.

જેમ જેમ જ્ઞાનની વૃદ્ધિ થાય છે, વધારે પ્રકાશ આવતો જાય છે, એવી રીતે આત્મા મતિજ્ઞાનમાં આગળ વધે છે. પછી અવધિજ્ઞાન, મન:પર્યવજ્ઞાન, કેવળજ્ઞાન, પૂરેપૂરો પ્રકાશ થતાં ત્રણે કાળનાં બધા પદાર્થોને જુએ,જાણે,સમજે છે. આત્મા પોતાને સંપૂર્ણ રીતે જાણે છે. પૂર્ણ પ્રકાશ હું સ્વયં છું, બીજું બધું પર છે. ત્યારે ચોક્કસ સમજાય છે 'હું એક જ છું, બાકી જે બધું દેખાય છે એ પર છે.'

આજે તો જ્યાં જોઈએ તો હું છું અને મારું છે. મારાપણાના ભાવ દૂર થાય અને સ્વને પૂરી રીતે ઓળખી શકીએ એવું અંતરંગથી ક્યારે પ્રગટશે ?

પ્રકાશનાં ઉદાહરણથી આત્માનાં જ્ઞાનનો વિકાસ સમજવાનો છે. જેમ જેમ જ્ઞાનનો વિકાસ થાય છે તેમ તેમ સ્વપ્નદશાને કારણે જે કંઈ ભ્રાંતિરૂપ આ જગત દેખાય છે એ સ્પષ્ટ, અત્યંત સ્પષ્ટ દેખાશે. આજે આ મારો બાપ, મારી મા, મારો મિત્ર, મારું ઘર દેખાય છે. આ બધું સહજપણે આત્માના વિકાસની સાથે દૂર થાય છે. પ્રેક્ટીસ આજથી, આ ક્ષણથી થવી જોઈએ.

આમ પ્રકાશના વધવા સાથે રૂપી પદાર્થો સ્પષ્ટ દેખાય છે અને પ્રકાશના ઘટવા સાથે રૂપી પદાર્થો અસ્પષ્ટ દેખાય છે. આ પ્રકારે આત્માના જ્ઞાનગુણની સરખામણી જડ પદાર્થ એવા પ્રકાશથી કરી સમજાવવા પ્રયત્ન કર્યો છે. પ્રકાશ, અંધકાર અને પદાર્થને જોનારો, સંસારમાં પરિભ્રમણ કરતો આત્મા જ છે અને ઈન્દ્રિય-લબ્ધિ અનુસાર પદાર્થનું જ્ઞાન કરે છે, એ છે આત્માનો પર પ્રકાશક ગુણ. આત્મા પોતાને, પોતાના સ્વરૂપને ઓળખે, જાણે, જ્ઞાન કરે ત્યારે સ્વ પ્રકાશક ગુણ થયો.

દરેક વખતે મનમાં રહેવું જોઈએ કે જે કંઈ મને ખબર પડે છે, સમજાય છે, અનુભવમાં આવે છે (જોવા-જાણવાનું) એ પદાર્થ આત્મા છે. બીજા કોઈપણ પદાર્થમાં આવા ગુણ ન હોય.

આત્માને સ્પષ્ટપણે જાણીએ અને કોઈપણ ગુણ એ દશાની અંદર જીવ ડેવલપ કરે તો પણ આત્મા સ્પષ્ટપણે જણાય છે. મતિજ્ઞાનની છેવટની દશામાં જીવ પોતાના પૂર્વ ભવ પણ જોઈ શકે છે. આત્મા સ્વપ્રકાશક છે. જેને જેટલો આત્માનો વિશ્વાસ છે કે 'હું આત્મા છું'; પછી આત્માનો અનુભવ એટલે આત્માના કોઈ વિશેષ ગુણનો અનુભવ થાય. ત્યાંથી આગળ વધતા રહેવાનું છે.

આત્માએ પોતાને ઓળખવા માટે ઈન્દ્રિયજ્ઞાનની જરૂર નથી. તે ઈન્દ્રિય મારફત જણાતો નથી. તમે જ વિચારી જુઓ જેટલું જેટલું આત્મજ્ઞાન જેને જેને છે અથવા એમ કહીએ કે જેને જેને 'હું આત્મા છું' એમ તો જણાય છે, પણ ઈશ્વર જેવો નથી જણાતો તો તમારી જાણકારી ઈન્દ્રિયોથી થઈ છે.

આત્માનો જ્યારે વિકાસ થતો હોય છે ત્યારે વિચાર આવે છે કે મારો આત્મા આગળ વધે છે. આજે ગેરસમજણ છે કે 'આત્મજ્ઞાન' હોય તો ભવિષ્યની બધી વાત ખબર હોવી જોઈએ; આત્મજ્ઞાન થાય પછી ઈશ્વર થઈ જાય, સંસાર ન હોઈ શકે; સંસારમાં હોય એને સમકિત, આત્મજ્ઞાન ન હોઈ શકે.

પરમકૃપાળુ દેવની લગભગ કેવળજ્ઞાનની દશા હતી પણ કોઈ માનવા તૈયાર ન હતા કે એમને આત્મજ્ઞાન પણ છે.

આત્મજ્ઞાન થયા પછી ક્રમશઃ બધા દોષો દૂર થાય છે. અર્થાત ક્રમશઃ એ બધા કર્મોની નિર્જરા થાય છે. ક્રમ ઉદયમાં આવે અને અત્યંત સમતા ભાવે વેદીએ ત્યારે એ કર્મની નિર્જરા થાય. આત્મજ્ઞાન થયા પછી બધાનો પુરુષાર્થ એ જ હોય છે.

ઈન્દ્રિય વગર જે કંઈ થોડું પણ સમજાયું તે મારા આત્માને જણાયું છે. જેણે જાણ્યું તે ઈન્દ્રિય કે દેહ તો નથી જ, તે છે સ્વ-પરપ્રકાશક ચૈતન્ય સત્તાનો ધારક તમારો આત્મા. બસ, આ તમારા અનુભવની જ વાત છે. તમે જાણો છો છતાં મોટા નામ કે મોટા શબ્દથી ભોળવાઈ જઈ તમારી પાસે જે આત્મા છે, તેને તરછોડશો, ત્યાગશો નહીં.

સંસાર હોવા છતાં, સંસારના દોષો કષાયો હોવા છતાં આત્મજ્ઞાન (વ્યવહાર સમકિત) હોઈ શકે છે. વ્યવહાર સમકિત હોય તો શુદ્ધ સમકિત થાય એ નિયમ છે. જ્ઞાની ગમે તે કરે એ કર્મની નિર્જરા કરે છે. કોઈ અશુભ કામ થતું હોય તો પણ એ પૂર્વે બાંધેલા પાપ કર્મોની નિર્જરા છે એવી બરાબર સમજણ લેવાની છે, તો આપણી દોષ દ્રષ્ટિ ટળતી જશે અને આત્માનો વિકાસ થશે. ◆

નોંધ : પૂજ્યશ્રી દ્વારા વિવેચીત 'સમકિતનું સરનામું'નું આ સંક્ષિપ્ત સ્વરૂપ અનન્ય પરિવર્તન ટીમ દ્વારા સંકલિત કરવામાં આવ્યું છે.

मूल मार्ग रहस्य

पिछले अंक में हमने समझा कि सर्वज्ञदेव अर्थात जिन्होंने आत्मा को पूर्ण रीत से अनुभव से जानकर आत्मा की परम उँची दशा प्राप्त की है, उन्होंने जो ज्ञान-दर्शन-चारित्र का परमार्थ मार्ग बताया है उसमें तीनों काल में कोई भेद नहीं हो सकता।

लिंग अने भेदो जे व्रतना रे,
द्रव्य देश काळादि भेद,
पण ज्ञानादीनी जे शुद्धता रे,
ते तो त्रणे काळे अभेद।

ऋषभदेव भगवान के समय में जिस तरह से चारित्र पालन होता हो, उसमें बडा फर्क आ सकता है। ज्ञान-दर्शन-चारित्र और राग-द्वेष-अज्ञान उनमें, तीनो काल में फर्क नही आता, बाकी बहुत ही फर्क होता है। भगवान ऋषभदेव के समय में जिस प्रकार से सब करते थे, उस प्रकार से भगवान महावीर के समय में नहीं था। उनसे पहले कहें, तो पार्श्वनाथ भगवान, उनके समय में जो कुछ था और चारसो साल के बाद भगवान महावीर हुए तो उन्होंने भी बहुत सारे बदलाव किए तो फिर उसका अर्थ यह कि ऋषभदेव भगवान ने जो कुछ कहा था पार्श्वनाथ भगवान ने नहीं माना, पार्श्वनाथ भगवान जो करते थे उसे महावीर भगवान ने नहीं माना, ऐसा नही कह सकते। समय के साथ अमुक बदलाव आते हैं, अवश्य आते हैं।

छोटी-बड़ी जो कुछ क्रियाएँ हैं उन क्रियाओं में भी बहुत सारे मतभेद चल रहे हैं। देरावासी कुछ अलग तरीके से ये सब क्रियाएँ करते हैं, स्थानकवासी कुछ दूसरे तरीके से करते हैं और दिगम्बर कुछ तीसरे तरीके से करते हैं। तो इतने सारे भेद जो दिखाई देते हैं, उन्हे देखकर बहुत से लोगों को विकल्प होता है कि इस दर्शन में इतने सारे झगड़े चल रहे हैं, और इतने सारे अलग-अलग पंथ छोटी छोटी बात में हुए हैं। तो कहते हैं कि देश और काल के अनुसार वे सब बदलाव अवश्य होते रहते हैं और समय के अनुसार क्रांतिकारी, ऐसे लोग उसमें बदलाव करते रहते हैं। कुछ रूढिचुस्त, ऐसा पच्चीसो साल पहले का ये समाज कहें, भारतवर्ष कहें उसकी दशा जैसी थी, उस समय में किस तरह सब क्रियाएँ होती थी, आज पच्चीससो

साल के बाद उसमें आसमान-जमीन का फर्क अवश्य हुआ है। उस हिसाब से जो लोग समय के अनुसार, देश और काल के अनुसार जो परिवर्तन करते हैं उस परिवर्तन में भी मूल जो बात है, वो है ज्ञान-दर्शन-चारित्र की शुद्धता अथवा तो राग-द्वेष और अज्ञान की निवृत्ति।

अब यह जो 'मूल बात' है, उसमें तीनों काल में कभी भी कोई फर्क नहीं हो सकता परंतु छोटी-बड़ी क्रियाएँ जो हैं, वे अवश्य ही समय के साथ, काल के साथ और देश के साथ बदलती ही रहती है। उदाहरण: इस्लामी देशो में, जहाँ पानी की कोई व्यवस्था नहीं है, अत्यंत कम पानी है तो इस्लाम धर्ममें एक अंजली भर लेके चलते हैं और हाथ पोछ लेते है और गंगाजी वाले घडा भर के सिर पर डालते हैं। इसी प्रकार जहाँ अत्यंत ठंड गिरती है (ठंडे देश) वहाँ खाने के पदार्थ और खास करके पेय पदार्थ में फर्क होता है और भारत जैसे उष्णदेश (गर्म देश) में वहाँ के पेय पदार्थ नहीं चल सकते। शौक से पी ले, यह वस्तु अलग है। उसी प्रकार पच्चीसो साल पहले का विचार करें तो तब गाड़ी नहीं थी, ऑटो रिक्शा भी नहीं था। और साईकिल भी नहीं थी; सिर्फ बैलगाडी थी। और बैलगड़ी से ज्यादा जल्दी पैदल चल के जा सकते थे। इसलिए उस समय में जो लोग थे वे लोग अधिकतर चल के ही जाते थे। एक गाँव से दूसरे गाँव जाना हो या फिर एक गाँव से पाँचवे गाँव जाना हो, दूसरा कोई साधन ही न था। सिंग्राम कहें या बैलगाड़ी कहें जिस तरह से चलते थे, उससे तेज रफतार से तो आदमी चल - सकते थे, बहुत थक गये तो बैठ जाते थे। निन्यानवे प्रतिशत लोग उस जमाने में एसे चल के ही जाते थे।

उदाहरण के तौर पर एक डॉक्टर जो विशेषज्ञ (डॉक्टर) है और मुंबई में है, दूसरी ओर किसी अन्य शहर में एक बीमार है जिसकी हालत बहुत गंभीर है; अब पूरे भारतवर्ष में यह एक ही डॉक्टर है जो इसका इलाज कर सकता है, इसे बुलायें और वह कहे कि मैं आऊँगा परंतु हवाईजहाज में नहीं बैठुंगा और ट्रेन में भी नहीं बैठुंगा, मैं तो चल के जाउँगा। तो हमें हँसी आएगी ना? एँसी ही बात किसी दूसरी जगह पर घटती है, तब कहते हैं बहुत बड़ा पाप कर डाला। पच्चीसो साल पहले भगवानने जो कहा, वो हम मानते नहीं। तब बिजली नहीं थी और यादि होती तो उसका उपयोग न करते ऐसा तो नहीं है। परंतु बिजली नहीं थी इसलिए लाईट कहें, माइक कहें, इत्यादि ऐसी बहुत सी चीजे है, जिसका उपयोग आज अत्यंत बुद्धिशाली लोग नहीं करते। जो लोग करते हैं, उन्हे क्रांतिकारी कहा जाता और अन्य की अपेक्षा, इन्ही लोगों के पास अधिक भीड है।

यहाँ परम कृपालुदेव कहते हैं कि समय के साथ व्रत-तप नीति - नियम, ये जो कुछ भी है, उसमें अवश्य ही फ़र्क आ सकता है।

''लिंग अने भेदो, जे व्रतना रे''

यानि कि छोटे-बडे को कुछ भी व्रत चलते रहते हैं, उनमें अलग अलग समय में अलग-अलग देश में, अवश्य ही फर्क हो सकता है।

''लिंग अने भेदो जे व्रतना रे,
द्रव्य देश काळादि भेद रे.''

क्रमश:

ॐ शांति: शांति: शांति:

नोंध : पूज्यश्री के मूल मार्ग रहस्य के विवेचन का यह संक्षिप्त स्वरूप अनन्य परिवर्तन के संपादक विभाग द्वारा लिखा गया है।

Vachanamrut Letter 37

Whatever the world, i.e. others may say about us, it should not bother us if the soul bound with karmas is getting free and attaining to a tranquil state of samadhi. Why get deluded by this world? An aspiring soul strongly desiring to be free would only think that self-realization is not possible without the guidance of a self-realized soul and is always on the lookout for such a One. Param Krupaludev advises Juthabhai to be fearless and that whatever someone may say about HIM, he should merely listen, remain quiet and not harbour any likes or dislikes for them. HE also advises Juthabhai to reminisce Tirthankar, Lord Parshwanath.

Howsoever possible, become detached and desire a liberated state.

Here we can observe Param Krupaludev's humility and modesty. HE is advising Juthabhai to reminisce Lord Parshwanath and not revere HIM. A true aspirant is recognized through his Guru and will motivate others for being devoted to his Guru. Param Krupaludev himself has reached a Godly state yet HIS bhakti for Lord Mahavir is evident at many places in the Vachanamrut. The main aspect being conveyed to Juthabhai is that he should remember that the soul is imprisoned by karmas and it should be free from the bodily bondage.

There should not be attraction to anything, which is a cause for karm bondage. Whatever you like, even a small thing, is your delusion. During the entire day, whenever you "like" anything or "dislike" anything it is nothing but "raag"(attraction) and "dvesh"(repulsion). Raag + Dvesh = Moh (delusion). All activities should be performed naturally, without any feeling of like or dislike. Having acquired such an understanding and it coming into practice, the soul itself will keep guiding as to what and how to do. In other words, "do this" or "don't do this". Thinking for a while deeply, answers to many queries will be given by the power of the soul. The soul may not fully shine in this life but one will develop faith that it will shine in the lives to come.

On the spiritual path, even if you strongly decide that you don't want to indulge in some worldly activity, yet you may be compelled to do so and when such thing happens, it is definitely due to past karmas. When karmas, which are clouding the soul come to fore, no power on earth, can stop them and one has to act as per karma.

During the entire day, we should keep repeating within, "I want to be rid of

During the entire day, whenever you "like" anything or "dislike" anything it is nothing but "raag" (attraction) and "dvesh"(repulsion). Raag + Dvesh = Moh (delusion). All activities should be performed naturally, without any feeling of like or dislike.

Millions of karmas are clouding the soul and these are nothing but thoughts, feelings of this materialistic world (sansar). This is ignorance.

karmas". When such repetition is going on and at that time, if karmas come, no reaction should be given to them and they should be told, 'I am busy right now and if you wish, you can go'. In this way, the soul slowly and steadily develops its character.

Do not entertain any desires or doubts for future or end of life.

When we are terribly sick or hospitalized, we start thinking our end is near. Thinking this way, will our ayushya karma get over? We may live longer. As contemplation increases, it will be realized that soul is eternal, indestructible and pure, it neither is born nor dies and if I am soul, who is dying? The unhappiness is only because we are leaving our near and dear ones whom we are morbidly attached to.

For making the (soul's) focus pure, forget the desires and doubts of this world.

When a jiv feels his end is near, he works hard (spiritually). But we go about in life as if we are not going to die. Death is destined one day. The one who does not recognize the existence of soul is ignorant. Millions of karmas are clouding the soul and these are nothing but thoughts, feelings of this materialistic world (sansar). If you think you are not ignorant, observe during the day, how many thoughts of unhappiness, dislikes and happiness come. Param Krupaludev says forget all these kind of thoughts because whatever is destined will happen, we can't stop it; just as darkness goes when light appears, similarly, cultivating spiritual thoughts will make the worldly thoughts go.

Remember the state of the Great Yogi Lord Parshwanath and (such) others; and keep desiring that state, this is repeatedly my advice with blessings to you.

If one has studied the life stories of Tirthankars in depth, this sentence will be better understood. Lord Parshwanath's brother, Kamath had been taking vengeance on him since last seven births. Yet Parshwanath does not entertain negative thoughts of any kind against him; HIS understanding is that this is my karm. In the present 7th birth, HIS soul developed a high elevated state and while he was in deep meditation, Kamath attempted to drown him by bringing torrential rains but in previous lives, a snake couple whom HE had helped kept raising His seat and also covered His head by their hoods. Unperturbed HE was in deep meditation to liberate his soul for reaching the ultimate state of knowledge-Kevalgyan.

During the course of the day, for 10-15 minutes, we ought to practice being in the thoughts of soul. Param Krupaludev advises Juthabhai that whatever the situation, steadiness of the body and mind is very essential. One should not think that I am not Parshwanath and cannot remain as steady and focussed as HIM. As the focus increases, one will understand what real meditation is and it's benefits.

Aum Shanti: Shanti: Shanti:

To be continued.

Note: This edited version of Param Pujya Premacharyaji's Discourse is done by the Editorial Team of Ananya Parivartan.



■ **અપેક્ષા વસાણી,** કોલકતા

મને માર્ગમાં આવ્યાને આજે લગભગ ૧૭ વર્ષ થયા. પૂજ્યશ્રીને હું પહેલી વખત ૨૦૦૦ની સાલમાં મળી હતી. એ વખતે મારા માટે એ સાવ સામાન્ય મુલાકાત હતી. પૂજ્યશ્રી માટે કોઈપણ જાતના ભાવ ન હતા. ઘરના વડીલોના કહેવાથી એમને મળી હતી. જેમ કહ્યું છે ને કે ઉપાદાન તૈયાર હોય તો નિમિત્ત મળી જાય. પણ મારા માટે આ વચન એકદમ ઊંધું સાબિત થયું. નિમિત્ત એટલું તો બળવાનપણે હાજર થયું કે ઉપાદાનને તૈયાર થવું જ પડ્યું. આવું નિમિત્ત ૨૦૦૦ થી ૨૦૦૩ સુધીમાં લગભગ ૨ વાર મળ્યુ અને ઊપાદાન તૈયાર થયું તે પણ એવું કે ૨૦૦૩માં પૂજ્યશ્રીને મળવાનું થયું ત્યારે અંતરમાં જાણે પ્રેમનો ધોધ વહેતો હતો, આનંદના પૂર ઉમટ્યા હતા અને જાણે વિશ્વ આખું પ્રેમમય બની ગયું હતું. પૂજ્યશ્રીને બે વાર જ મળી હતી, પણ ખબર જ ન પડી કે એ બે વારની મુલાકાતમાં એમણે અંતરમાં શું ફેરફાર કરી દીધા હતા! એમના આ ગુપ્ત પ્રોસેસ, અટપટી દશાને કારણે હું ક્યારે એમનામય બની ગઈ એ ખબર જ ન પડી.

સાલ ૨૦૦૩નો એ દિવસ જ્યારે પૂજ્યશ્રીને હું મળી હતી એ મારે માટે સોનાનો દિવસ હતો, કારણ કે મારા જીવનમાં મોક્ષરૂપી સૂરજ અંશે પ્રકાશમાન થવાનો હતો. અંતરમાં પ્રેમનો ઊછાળો, હૈયામાં હરખ અને સ્મૃતિમાં પૂજ્યશ્રી - આ જ મારો સંસાર, મારું જગત, મારી દુનિયા હતી.

પૂજ્યશ્રીની સ્મૃતિ એવી તો જબરજસ્ત મારા મન મસ્તક પર છવાયેલી હતી કે હું બીજું કંઈ વિચારવાને અસમર્થ હતી. હાલતાં-ચાલતાં-ખાતાં-પીતાં-ઊઠતાં- બેસતાં સર્વ ક્રિયામાં, સર્વ કાર્યમાં તૂં હીં તૂં - પ્રભુ જ હતા. મારું જગત, મારી દુનિયા, સર્વસ્વ પૂજ્યશ્રીમાં જ સમાઈ ગયા હતા. એમનો સમાગમ, એમના વચનો, એમનો પ્રેમ, વાત્સલ્ય એવા તો અપરંપાર હતા કે એ જ સ્મરણમાં ને સ્મરણમાં હું શ્રદ્ધાના સોપાન ચડવા લાગી. જેટલો જેટલો વધારે એમનો સમાગમ મળતો ગયો એટલી એટલી શ્રદ્ધા વિશેષ બળવાન થતી ગઈ. જેમ જેમ પૂજ્યશ્રીનો અતૂટ પ્રેમ-સમાગમ મળતો ગયો એમ એમ જગતના જીવો પાસેથી પણ એવો જ પ્રેમ મળી રહયો છે એવો અહેસાસ થતો. જ્યાં જ્યાં નજર મારી પડે, સદ્‌ગુરુ સ્મૃતિ, આકૃતિ તારી જ છે એવો અહેસાસ વધતો

ગયો. ધીરે ધીરે મારું જીવન અને જીવનના સાધનો બદલાતા ગયા. મારી દિશા અને દશામાં પરિવર્તન થવા લાગ્યું.

મુંબઈની ગલી ગલીમાં મીરા બનીને એમની ભક્તિના ગીતો ગાવા લાગી. ''નથી નાથ જગમાં સાર કાંઈ; સાર સદ્‌ગુરુ પ્યાર છે.'' એમના પ્રત્યે સર્વાપણ બુદ્ધિના ભાવ થવા લાગ્યા. મારી વાણી, મારું વર્તન, મારો વ્યવહાર બધું પૂજ્યશ્રી જ હતા. બીજું કાંઈ સૂઝતું જ ન હતું. વાત પણ સદ્‌ગુરુની અને વાતો પણ સદ્‌ગુરુની. દિવસની શરૂઆત અને દિવસની પૂર્ણાહૂતિ પણ એમની વાતોથી જ થતી. આવી રીતે પૂજ્યશ્રીના અગાધ પ્રેમના સાગરમાં વહેવા લાગી.

લગભગ સાતેક વર્ષ વીત્યા. ત્યાં તો અચાનક એ પ્રેમના સાગરમાં વચ્ચે થોડીક અટકાયત આવી. જે પ્રેમના સાગરમાં વહેતાં વહેતાં અનેક કર્મોને જે રીતે પાછળ મુકીને દોડતી દોડતી આગળ વધતી હતી, ત્યાં અચાનક એ કર્મોએ એવી દોડ લગાવી કે મને પકડીને જકડી લીધી અને હું એ કર્મના સકંજામાં આવી ગઈ. પણ પૂજ્યશ્રીનો સમાગમ અને પ્રેમ સાથે હોવાથી એ કર્મે મારું કંઈ જ બગાડ્યું નહીં. ઉલટાનું એ કર્મે તો મારામાં પડેલા આત્મવીર્યને જાગૃત કર્યું, સ્ફુરાયમાન કર્યું. જીવનમાં એક એવો વળાંક આવ્યો કે હું વધારેને વધારે મજબૂત બનતી ગઈ. સોનું જેમ ટીપાવા માટે તૈયાર થાય ત્યારે જ તો તેમાંથી દાગીના બની શકે તેમ હું પણ ટીપાવા માટે તૈયાર થઈ. એ પણ પૂજ્યશ્રીનો જ ઉપકાર છે.

અસહ્ય એવા અશાતા વેદનીય કર્મનો ઉદય જીવનમાં આવ્યો. પણ પૂજ્યશ્રીના ઉપદેશ અને શાતા વચનો દ્વારા, સત્ત-સમજણ પ્રાપ્ત થતાં જ અસહ્ય વેદનીયના ઉદયમાં પણ જાગૃતિ રાખી શકી. વેદના એ મારો ધર્મ નથી, આત્મ સ્વભાવ એ મારો ધર્મ છે. આ સમજણ, જાગૃતિ રાખવાથી એ અશાતા વેદનીય કર્મે કંઈ નુકસાન પહોંચાડ્યું નહીં. જડ એવું કર્મ ચેતન એવી હું; મારી પાસેથી શું લઈ શકે ! જડ કર્મને શું જોઈએ ? જડ પદાર્થ જ ને ! તો ભલે એ લઈ જાય. હું ચેતન છું. મારું કંઈ જ નથી. જેનું છે એ લઈ જાય. મારે શું ? ઉછીનું લીધેલું છે, પાછું લેવા આવ્યા છે તો મારે તો આપી જ દેવું પડે ને ! બસ, આ જ સમજણ પૂજ્યશ્રીએ આપી.

આ અશુભ કર્મનો ઉદય લગભગ ૬ થી ૭ મહિના રહ્યો. કર્મ તીવ્ર ફોર્સથી ઉદયમાં આવતાં અને કર્મરૂપી દુશ્મન બળવાનપણે એટેક પણ કરતાં. પણ કર્મ કરતાં બળવાન હું (આત્મા) છું. દુશ્મનને હરાવીને મારે (આત્માએ) જીતવાનું છે. અને આમ અંતે જીત તો આત્માની જ થઈ. માર્ગમાં હતી, પૂજ્યશ્રીની સાથે જોડાયેલી હતી, તો પરીક્ષા તો થવાની જ હતી. કોઈપણ કાર્યમાં આગળ વધવું હોય તો કસોટી તો થવાની જ. આગળના ક્લાસમાં જવું હોય તો પરીક્ષા તો આપવી જ પડે. મેં પરીક્ષા આપી અને એ પરીક્ષાનું રીઝલ્ટ મળ્યું સત્પુરુષનો રાજીપો.

'હું રંગ છું મારા સત્પુરુષના ચહેરાનો;
જેટલા એ ખુશ થશે...
એટલી જ હું નિખરતી જઈશ.'

આજે મને અત્યંત અત્યંત ગર્વ છે કે હું આવા પરમ જ્ઞાની, જે તીર્થંકર સ્વરૂપે મારા માટે બિરાજમાન છે તેઓશ્રીના આશ્રયે, શરણે છું અને મોક્ષમાર્ગે છું. આજે મારી દુનિયા, મારું વિશ્વ એ મારા પૂજ્યશ્રી જ છે. એમના માટે અત્યંત અત્યંત પ્રેમ, શ્રદ્ધા, વિશ્વાસ, ભક્તિ, અર્પણતા એજ મારે માટે મોક્ષ છે. મને બીજા કોઈ મોક્ષની અપેક્ષા નથી.

પ્રભુ ! મને હવે તમારામાં મારા ભવિષ્યનાં સપના દેખાય છે.

પ્રભુ અત્યાર સુધીના મારા વર્તનમાં યોજના પણ મારી જ હતી. તેથી હું આરંભે શૂરી થતી પણ પછી ઢીલી થઈ જતી. પણ હવે યોજના પણ તમારી અને બળ (વીર્ય) પણ તમારું. તેથી હવે શૂરવીર થઈને યોજનાને મંઝિલ સુધી પહોંચાડીશ. ◆

પત્રોની પાંખે

નિજી ભાવોને વ્યક્ત કરતા પરમાર્થિક પ્રશ્નોનાં નિરાકરણ માટે પરમ પૂજ્યશ્રી પ્રેમઆચાર્યજી સંબોધિત લખાયેલા જુદા જુદા મુમુક્ષુઓના પત્રોનાં જવાબમાં તેઓશ્રીના ઉત્તરરૂપી પત્રોની આ શૃંખલામાં તેમની નિષ્કારણ કરૂણા અને પ્રેમસ્વરૂપ સહજ સ્વભાવના દર્શન થયા વગર રહેતા નથી. ચર્મચક્ષુથી વંચાતા એમના ગુજરાતી ભાષાના સાદા સીધા લાગતા શબ્દોને જો આત્મચક્ષુથી ઉકેલવામાં આવે તો અપરંપાર એવું આત્મત્વ ભરેલું દ્રષ્ટિગોચર થયા વગર નથી રહેતું અને દંગ બની આશ્ચર્યચકિત થઈ "અહો ! અહો ! શ્રી સદ્‌ગુરુ, કરુણાસિંધુ અપાર; આ પામર પર પ્રભુ કર્યો, અહો ! અહો ! ઉપકાર. એ પરમ કૃપાળુ દેવનાં વચનો જીવ વેદ્યા વગર નથી રહી શકતો.

// સહજાત્મ સ્વરૂપ પરમ ગુરુ //


કાન્હાકી પ્યારી રાધા, મીરા,

ઈશ્વરની ભક્તિના બે પ્રકાર રાધા અને મીરાએ જગતને આપ્યા છે. બન્ને ઈશ્વરે માન્ય કર્યા છે. બન્ને સ્વરૂપમાં સમાયા છે. વિચારવા જેવું બન્નેનું આરાધન છે.

રાધા આધુનિકતાનું પ્રતિક છે તો	મીરા પ્રાચિન કાળનું પ્રતિક છે.
રાધા સુધારાવાદી છે,	મીરાને અલગ અસ્તિત્વ નથી.
રાધા બરોબરી છે; ખભેખભા મિલાવી છે, જીવન રાહચારી છે.	મીરા અંજલી સમાન છે, દાસી થઈને રહે છે.
જા તોસે નહીં બોલુ કનૈયા, રાહ ચલત પકડી મોરી બૈયા.	જો તુમ તોડો પિયા મૈ નહીં તોડુ રે, તોરી પ્રિત તોડી કૃષ્ણા કોન સંગ જોડુ રે.
પડીયામાં પ્રસાદ છે, પ્રસાદનો પડીયો છે.	ફુલોનો પડીયો છે, પડીયામાં ફુલ છે.
ધોધમાર વરસાદ છે,	ઝરમર વરસાદ છે,
હિંચકાનું ઝૂલવું છે,	પારણાનું ઝુલવું છે,
ગુલાબની પાંખડીની સુગંધ છે,	તુલસી પત્રની સુગંધ છે,
પર્યટન તે રાધાનું રૂપ,	જાત્રા મીરાનું રૂપ છે.
મેઘ ધનુષ	આકાશ ગંગા
રંગભરી પીચકારી	અબીલ ગુલાલ
નીયોન લાઈટ (ઝગમગતો પ્રકાશ)	ટગમગતી જ્યોત

આપ કૃષ્ણના કોણ છો તે તમે જાણો છો ?

એજ ભક્તિ - પ્રેમભક્તિ સાથે.



श्री शंयभवाचार्य

भगवान महावीर के साधु संघ की तख्त पर बिराजमान चरमकेवली जंबुस्वामी के महान शिष्य प्रभवस्वामी वयोवृद्ध होने से चित्त में चिंता होने लगी कि उनके पश्चात आचार्यपद की जिम्मेदारी किसे दी जाए। आचार्य श्री प्रभवस्वामी स्वयं ९४ की उम्र होने पर आचार्यपद पर बिराजमान हुए थे। इसलिए, श्री संघ की जिम्मेदारी उठा सके ऐसी योग्य व्यक्ति का विचार करते उनकी द्रष्टि राजगृही के यज्ञनिष्ठ ब्राह्मण विद्वान शय्यंभव भट्ट पर ठहरी। मुख्य प्रश्न यह था कि उनको जैन धर्म के प्रति अभिमुख कैसे किया जाए?

इस समय शय्यंभव भट्ट राजगृही नगरी में पुशुमेघ यज्ञ करवा रहे थे। आचार्य प्रभवस्वामी ने अपने दो मुनियों को उनके पास भेजा। यज्ञमंडप में हो रही घोर हिंसा में डूबे शय्यंभव को सुनाई दे इस प्रकार दोनों मुनियों ने कहा, ''धर्म के नाम पर चलती ऐसी क्रूर हिंसा में तत्व का ज्ञान किसे होगा?''

मुनियों के ऐसे वचन से चौंकते हुए शय्यंभव विचार में पड़ गये। उन्हें ज्ञात था कि जैन मुनि कभी असत्य वचन नहीं बोलते। परिणामस्वरूप विद्वान और सच्चे जिज्ञासु शय्यंभव उन दो मुनियों की खोज में निकल पड़े। ढूँढते हुए वे आचार्य प्रभवस्वामी के पास आये, जिन्होंने शय्यंभव को यज्ञ का यथार्थ स्वरूप और आध्यात्मिक भूमिका पर दर्शन का तत्व समझाया। परिणामस्वरूप शय्यंभव यज्ञ, घरगृहस्थी और गर्भवती पत्नी - ये सब त्याग कर २८ वर्ष की उम्र में साधु बन गये। प्रभवस्वामी के पास से उन्होने अनुक्रम: चौद पूर्व का ज्ञान प्राप्त किया और श्रुतघर की परंपरा में दूसरे श्रुतकेवली बने। आचार्य प्रभवस्वामीने श्रुत संपन्न आर्य शय्यंभव को वीरनिर्वाण सं ७५ में आचार्य पद पर स्थापित किया।

शय्यंभव की गर्भवती पत्नी के कोख से जन्मे बालक की उम्र जब ८ वर्ष थी तब उसे अपने पिता से मिलने की तीव्र इच्छा जागी। उसने अपनी माता के पास से पिता की विशेष जानकारी माँगी। माता ने उसके विद्वान पिता शय्यंभव जैन मुनि बने तब तक का पूरा वृतांत दर्शाया। बेटे को पिता के दर्शन करने की इच्छा जागी। आचार्य शय्यंभवसूरी से उसे देखते ही जान लिया, पहचान लिया। परंतु बालक अपने पिता को न पहचान पाने के कारण उनसे पूछा, ''मेरे पिता शय्यंभव मुनि कहाँ हैं? तब वे स्वयं शय्यंभव के अच्छे मित्र हैं, ऐसा कहकर बालक को अपने साथ रखा। उनके उपदेश से प्रभावित हुए इस बालक ने भी दीक्षा ग्रहण करी, किंतु आचार्य शय्यंभव ने ज्ञान से जान लिया कि इस बालक की आयुष्य मात्र ६ महिने ओर, इतनी अल्प है। इसलिए सभी शास्त्रों का अध्ययन इसके लिए संभव नहीं। इसलिये आत्मप्रवाद आदि पूर्वो में से दशवैकालिक सूत्रों का संकलन कर के बालक को उसका अभ्यास कराया। इन दशवैकालिक सूत्र की रचना का समय वीरसंवत ८२ के आसपास का है। इस रचना द्वारा आचार्य शय्यंभव ने मुनि बने संतान का कल्याण किया। आज भी ये ''दशवैकालिक सूत्र'' की रचना साधुओं के प्रारंभिक अभ्यास के रूप में जैन समाज के सर्व संप्रदायों में मान्य है।

आचार्य शय्यंभवसूरी तेवीस वर्ष तक युगप्रधान पद पर अधिष्ठित रहे। ६२ वर्ष की उम्र में उनका देहविलय हुआ। आचार्य प्रभवस्वामी के स्वर्गवास के बाद श्रुतधर श्री शय्यंभवसूरी ने शासन की डोर संभाल कर वीतराग शासन की बहुत सेवा करी और ''श्री दशवैकालिक सूत्र'' के दस अध्ययन का उद्धार किया।

आचार्य श्री शय्यंभवसूरी ने वीतराग शासन की बहुत प्रभावना की। उन्हें अपने पूर्व जीवन के ब्राह्मण समाज का अनुभव था। उन्होंने देखा कि इस समाज के यज्ञों में पशु हिंसा होती थी। निर्दोष और अबोल प्राणियों की बली चढ़ाने में आती थी। आचार्य श्री शय्यंभवसूरी ने सभी को यज्ञ का आध्यात्मिक स्वरूप समझाया। ब्राह्मण मत में मानने वाले अनेकों को जैन धर्म के अनुसार बनाया। ◆

ગૃહસ્થાશ્રમ



કુમારકાળના પાઠોમાં આપણે જોયું કે શ્રીમદ્જી બાળપણથી જ અંતર્મુખ, વૈરાગ્યમય વ્યક્તિત્વ ધરાવતાં હતાં. કુમારકાળે તેમના વિચારમંથને જોર પકડ્યું **હતું. તેઓશ્રીની વિચાર શક્તિ વધુ તીવ્ર, ઠરેલ અને ગંભીર બનતી ચાલી** હતી. તેઓશ્રીએ નાની ઉંમરે દાર્શનિક ગ્રંથોનું ઊંડુ અધ્યયન કરી ધર્મજ્ઞાન મૂળ ગ્રંથોમાંથી ગ્રહણ કર્યું હતું. વિચારો પરિપક્વ થતાં તેને પ્રગટરૂપ આપવાની ભાવના તેમનાંમાં જાગી અને કવિતાઓ, પુસ્તકો લખવા તેઓ પ્રેરાયા જેમ કે **મોક્ષમાળા, ભાવનાબોધ, પુષ્પમાળા, મહાનીતિ વિગેરે.**

એક બાજુ શ્રીમદ્‌જીના અંતરમાં ભગવાન રામ જેવો વૈરાગ્ય ઝળહળતો હતો **(ઓગણીસસેં ને બેતાળીસે, અદ્‌ભુત વૈરાગ્ય ધાર રે...)** અને બીજી બાજુ તેમને ગૃહસ્થાશ્રમી બનાવવાની પ્રવૃત્તિ શરૂ થાય છે. લક્ષ્મી, સંસારાદિ ગતિ તેમને વૈરાગ્ય વર્તતો હોવા છતાં, તેના સંપૂર્ણ ત્યાગનો નિર્ણય લેવાય તે પહેલા પૂર્વ કર્મ અને તત્કાલિન સંજોગો અનુસાર તેમણે વિ.સં. ૧૯૪૪ મહા સુદ ૧૨ના રોજ ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કર્યો. ઝવેરી રેવાશંકર જગજીવનદાસ મહેતાના મોટાભાઈ પોપટલાલભાઈના મહાભાગ્યશાળી પુત્રી ઝબકબાઈ સાથે તેમના લગ્ન થયા.

શ્રીમદ્‌ને લગ્ન થયા પૂર્વેથી માર્ગ પ્રવર્તાવવાની કેટલી ઉલ્લાસીત ઉત્કંઠા હતી છતાં પૂર્વ કર્મને ભોગવીને જ છૂટી શકાશે એ જ્ઞાન એકદમ દ્રઢ હતુ. પત્રાંક ૪૮૭માં તેઓશ્રીએ આ વિશે પ્રકાશ પાડ્યો છે...

''જ્ઞાનીની પ્રવૃત્તિ પૂર્વોપાર્જિત કારણથી માત્ર છે. માટે જ્ઞાનીનું પ્રારબ્ધ જુદું પડે છે. એ પ્રારબ્ધનો એવો નિર્ધાર નથી કે તે નિવૃત્તિરૂપે જ ઉદય આવે. જેમ શ્રી કૃષ્ણાદિક જ્ઞાની પુરુષ, કે જેને પ્રવૃત્તિરૂપ પ્રારબ્ધ છતાં જ્ઞાની દશા હતી, જેમ ગૃહસ્થાવસ્થામાં શ્રી તીર્થંકર એ પ્રારબ્ધ નિવૃત્ત થવું તે માત્ર ભોગવ્યાથી સંભવે છે.''

લગ્ન પૂર્વે તેમના બનેવી શ્રી ચત્રભુજ બેચરને તેઓશ્રી લખે છે:

''તેઓ શુભ પ્રસંગમાં સદ્‌વિવેકી નીવડી, રૂઢિથી પ્રતિકુળ રહી, પરસ્પર કુટુંબરૂપે સ્નેહ બંધાય એવી સુંદર યોજના તેઓના હૃદયમાં છે કે? આપ ઉતારશો કે? કોઈ ઉતારશે કે? એ ખ્યાલ પુનઃ પુનઃ હૃદયમાં પર્યટન કરે છે.'' (પત્રાંક -૩૦)

વીસ વર્ષની યુવાન ઉંમરે શ્રીમદ્‌જીના હૃદયમાં પોતાના જીવનસાથી માટે શું અપેક્ષાઓ હતી તે અહીં દેખાય છે. આ વિચારોની સરખામણી આજના યુગના લગ્ન જીવનમાં પદાર્પણ કરતાં યુવકો યુવતિઓ સાથે ન કરી શકાય, પણ તેઓ આ બાબત ઉપર વિચાર જરૂર કરી શકે. આજે એક તરફ દુનિયામાં જબરદસ્ત પ્રગતિ દેખાય છે પણ બીજી તરફ છૂટા છેડા લગભગ સામાન્ય થઈ ગયા છે. લગ્ન જીવનમાં પરસ્પર સ્નેહ, સહનશીલતા, કુટુંબ પ્રત્યે ત્યાગ, ખમી ખાવાની વૃત્તિ વિગેરે લગભગ ચાલી ગયા છે. માટે, શ્રીમદ્‌જી જેવા મહાન સંતપુરુષના વૈવાહિક જીવનને સમજવાથી ઘણી શિક્ષા મળી શકે એવું છે.

ગૃહસ્થાશ્રમમાં ઊંડા ખૂંચી જવાને બદલે લગ્ન પછી તેમનાં વૈરાગ્યમાં વધારો થયો દેખાય છે અને આ પૂર્વકર્મને કઈ રીતે નિર્જરામાં લઈ જવું તેનો બોધ તેમના ઘણા વચનોમાંથી શોધી શકાય છે. લગ્ન પછી શ્રીમદ્‌ ''આત્મા''નો લક્ષ ચૂક્યા નથી બલ્કિ તે તરફ વધુ નજીક ગયા છે.

લગ્નના ફક્ત ૨ મહિના પછી રેવાશંકરભાઈને તેઓ લખે છે:

''ક્ષણભંગુર દુનિયામાં સત્પુરુષનો સમાગમ એજ અમૂલ્ય અને અનુપમ લાભ

છે.'' (પત્રાંક - ૩૧)

લગ્નના ૫ મહિના પછી તેઓશ્રીને અદ્‌ભુત આત્મિક અનુભવ થાય છે (પત્રાંક - ૩૨). લગ્નના ૬ મહિના પછીનું તેમનું વચનઃ **''સત્સંગનો લેશ અંશ નહીં મળવાથી બિચારો આ આત્મા વિવેક ઘેલછા ભોગવે છે.''** (પત્રાંક ૩૫) અને ૮ મહિના પછી શ્રી જુઠાભાઈને લખેલ પત્રમાં તેમનું વચન છે, **''જગતમાંથી જે જે પરમાણુ પૂર્વકાળે ભેળા કર્યા છે તે હળવે હળવે તેને આપી દઈ ઋણમુક્ત થવું છે.''**(પત્રાંક - ૩૧)

મહાજ્ઞાની પુરુષોનું જીવનાચરણ બોધસ્વરૂપ જ હોય છે અને તેમના અનુયાયીએ તેમના બોધને જીવનમાં ઉતારવાનો પુરુષાર્થ કરવો જોઈએ. શ્રીમદ્‌જી તેમનું ગૃહસ્થ જીવન કઈ રીતે ગાળતા હશે એ પ્રશ્નનો જવાબ તેમના ઘણા પત્રોમાંથી મળે છે. તેઓશ્રીએ પૂ. ઝબકબાઈ સાથે કયા પ્રકારનો વ્યવહાર રાખ્યો હશે તેનો કંઈક અંદાજ રોજનીશી (૭)માંથી મળે છે. આમાં હિંદુ ધર્મની લગ્ન વિધિની સપ્તપદીમાં રહેલા ભાવોની કંઈક છાંટ દેખાય છે. પરંતુ શ્રીમદ્‌જીના અંતરના વિચારોને નમસ્કાર!

૦ ''પરિચયી! તમને હું ભલામણ કરું છું કે, તમે યોગ્ય થવાની તમારામાં ઈચ્છા ઉત્પન્ન કરો, હું તે ઈચ્છા પૂર્ણ કરવામાં સહાયક થઈશ.''

૦ બન્ને ધર્મમૂર્તિ થવા પ્રયત્ન કરીએ. મોટા હર્ષથી પ્રયત્ન કરીએ.

૦ વિદ્યાભ્યાસી થાઓ, વિદ્યાયુક્ત વિનોદી સંભાષણ મારાથી કરજો. હું તમને યુક્ત બોધ આપીશ. તમે રૂપસંપન્ન, ગુણસંપન્ન અને રિદ્ધિ તેમજ બુદ્ધિ સંપન્ન તેથી થશો.

૦ ... વીતરાગભક્તિને બહુ જ ઈચ્છજો. મારી ભક્તિને સમભાવથી ઈચ્છજો..

પત્રાંક ૭૮ - ''સ્ત્રીના સંબંધમાં મારા વિચાર''માં શ્રીમદ્‌ના વચનો રૂંવાડા ઊભા કરી દે એવા છે. એમનો અંતરંગ વૈરાગ્ય કેવો હશે એ અહીં દર્શાય છે. **''સ્ત્રીમાં દોષ નથી, પણ આત્મામાં દોષ છે, અને એ દોષ જવાથી આત્મા જે જુએ છે તે અદ્‌ભુત આનંદમય જ છે, માટે એ દોષથી રહિત થવું, એજ પરમ જિજ્ઞાસા છે..**

સ્ત્રીને સદાચારી જ્ઞાન આપવું. એક સત્સંગી તેને જાણવી, તેનાથી ધર્મબહેનનો સંબંધ રાખવો..''

આમ ફક્ત ૧૩ વર્ષના વૈવાહિક જીવનમાં શ્રીમદ્‌જીએ એ પૂર્વ કર્મને અદ્‌ભુત રીતે વેદી આત્માને ઠેઠ કેવળ દશા સુધી પહોંચાડી દીધો. પત્રાંક ૧૧૩માં તેમના વચનો આ પ્રમાણે છે...

''મને કંઈક સાંસ્કારિક અનુભવ ઊગી નિકળવાથી એમ કહી શકું છું કે મારો ગૃહાશ્રમ અત્યાર સુધી જેમ અસંતોષપાત્ર નથી, તેમ ઉચિત સંતોષપાત્ર પણ નથી, તે માત્ર મધ્યમ છે; અને તે મધ્યમ હોવામાં પણ મારી કેટલીક ઉદાસીનવૃત્તિની સહાયતા છે. તત્વજ્ઞાનની ગુપ્ત ગુફાનાં દર્શન લેતાં ગૃહાશ્રમથી વિરક્ત થવાનું અધિકતર સુઝે છે.''

(... ક્રમશઃ)

સાચું શિષ્યત્વ

■ **તરલાબેન શેઠ, મુંબઈ**

આપણે સૌ જાણીએ છીએ કે જન્મથી અત્યાર સુધીની જે કંઈપણ જાણકારી આપણી પાસે છે, તે આપણે કોઈક પાસેથી લીધેલી, સાંભળેલી, વાંચેલી કે થયેલી છે. એનો અર્થ એ થયો કે કોઈપણ વિષયનું જ્ઞાન પ્રાપ્ત કરવું હોય તો તે વિષયના જે જાણકાર હોય તેમની પાસેથી મળે, એટલે કે ગુરુ વગર જ્ઞાન નથી. આ વ્યવહારની વાત થઈ.

પરમાર્થ દ્રષ્ટિએ પણ આજ નિયમ લાગુ પડે છે કે હું આત્મા છું અને મારે મારા આત્માને સંપૂર્ણપણે જાણી એને ઓળખવો હોય તો તેનો એક જ ઉપાય છે કે જેણે આત્માને જોયો, જાણ્યો અને અનુભવ્યો છે, એવા આત્મપ્રાપ્ત સદ્‌ગુરુ જ આત્માને ઓળખાવી શકે અને સમકિતની પ્રાપ્તિ કરાવી, અનંતકાળના પરિભ્રમણથી છોડાવી શકે. પરંતુ એ માટે પાત્રતા કહેતાં ઉપાદાન તૈયાર હોય તો નિમિત હાજર થાય જ.

જીવને જ્યારે તીવ્ર એવી જિજ્ઞાસા, ઝુરણા જાગે કે આ પ્રાપ્ત થયેલ મનુષ્યદેહ એળે ન જવો જોઈએ, સમકિતની પ્રાપ્તિ મારે આ ભવમાં કરી જ લેવી છે તો પછી ગુરુ ગોતવા પડતા નથી. આપણે પરમ શિષ્ય બનવાનું છે તો ગુરુ આપમેળે ઉઠાવી લેશે.

પ્રત્યક્ષ જ્ઞાનીનો યોગ થયા પછી એમના પ્રત્યે અનન્ય એવી પ્રેમભક્તિ જાગે, બળવાન શ્રદ્ધા થાય, જીવ એમણે આપેલી આજ્ઞાનું આરાધન કરે, સંસારની કોઈપણ બીજી વસ્તુ કરતાં આજ્ઞાનું પાલન વધારે અગત્યનું લાગે અને એક એવું દ્રઢત્વ થઈ જાય કે સદ્‌ગુરુ પાસે જે આત્મા છે એ આત્માને શોધવાના લક્ષે આ મારી એમના પ્રત્યેની પ્રેમ ભક્તિ છે, સંસારના કોઈપણ ભાવે કરીને નહિં, તો સદ્‌ગુરુ પ્રત્યેની શિષ્યની આવી ભક્તિ એજ શિષ્યનું સાચું શિષ્યત્વ છે.

આવું શિષ્યત્વ આવ્યા પછી બળવાન પુરુષાર્થ જીવ પોતે કરે છે અને યશ બધો પ્રભુને આપે છે. દરેક નાની મોટી વાતનું શ્રેય એ સદ્‌ગુરુને આપે છે કે પ્રભુકૃપાથી, સદ્‌ગુરુની કૃપાથી આ બધું થાય છે. હું કંઈ કરતો નથી, એ કરાવે છે અને હું કરું છું; આ રીતે અકર્તાપણું થવાથી કર્મબંધન પણ થતાં નથી. બીજું, અત્યંત લઘુતા, દીનતા અને વિનયગુણ હોવાથી અભિમાનનું કારણ થતું નથી.

આવી જ સાચા શિષ્યત્વની વાત પરમ કૃપાળુદેવે આત્મસિદ્ધિની ગાથામાં કહી છે, **''ગુરુ રહ્યા છદ્મસ્થ પણ, વિનય કરે ભગવાન.''** પત્રાંક ૨૦૦માં પણ કહે છે, **''જો કે જ્ઞાની ભક્તિ ઈચ્છતાં નથી પરંતુ મોક્ષાભિલાષીને તે કર્યા વિના ઉપદેશ પરિણામતો નથી.''**

તેરમા ગુણસ્થાનક સુધી જ્ઞાની પુરુષના વચનોનું અવલંબન જરૂરી છે માટે ક્યારેય

એવો ભાવ ન આવવો જોઈએ કે હું તો સર્વ જાણું છું, સમજું છું અને મને બધું સમજાઈ ગયું છે.

પરમ પૂજય પપ્પાજી કહેતાં હોય છે કે શિષ્યને ગુરુ હોય, ગુરુને શિષ્ય ન હોય. ગુરુ જ્યારે પોતાને ગુરુ તરીકે ઓળખાવે ત્યારે એમની આત્મિક દશા ચોક્કસ નીચે ઉતરી જાય છે. તેવી જ રીતે પૂજ્ય પપ્પાજીને કોઈ ગુરુ તરીકે સંબોધે, ત્યારે કહેતાં હોય છે કે ગુરુ શબ્દ અમને ગાળ જેવો લાગે છે. આપણે પરમ જ્ઞાન સભામાં જોયું જ છે કે જ્યારે પ્રત્યક્ષ સદ્‌ગુરુની કંઈક વાત આવે, ત્યારે પૂજ્ય પપ્પાજીની આંગળી પરમ કૃપાળુદેવના ચિત્રપટ તરફ જતી હોય છે. આજ છે પૂજ્ય પપ્પાજીનું સાચું શિષ્યત્વ. આને લગતો એક પ્રસંગ જણાવું છું.

હું અને મારા એક સંબંધી જ્યારે મળતાં ત્યારે સત્સંગની વાતો થતી અને પૂજ્ય પપ્પાજીનો મહિમા પણ થઈ જતો. આના કારણે મારા એ સંબંધીને પૂજ્યશ્રીને મળવાની અને દર્શનની ખૂબજ ભાવના થતી, પરંતુ લોકલાજને કારણે સત્સંગમાં આવતા નહીં. એક દિવસ એવું બન્યું કે પૂજ્યશ્રીનું એજ મકાનમાં કોઈ બેનના ઘરે આવવાનું થયું. એ સંબંધીને પૂજ્યશ્રીના દર્શન કરવાની ખૂબ જ ઈચ્છા થઈ તેથી અનુમતી લઈ મળવા એમના ઘરે ગયા. એ બહેને તો પૂજ્યશ્રીને જોતાં જ હાથ પકડી લીધા અને કહે કે આજથી આપ જ મારા ગુરુ છો. એ સાંભળી પૂજ્યશ્રીએ કહ્યું કે, ''અમે કોઈના ગુરુ થતાં નથી. તેથી બહેન થોડા હતાશ થયા.'' પરંતુ જતી વખતે પૂજ્યશ્રીએ એમના હાથ પકડીને કહ્યું કે, ''આવતી કાલે જ્ઞાન સભામાં દેશના લબ્ધિનું વાંચન છે તો આવી જજો.'' અને ત્યાર પછી તો એ પૂજ્યશ્રીના પરમભક્ત થઈ ગયા. કહેવાનો આશય એ છે, પૂજ્યશ્રીને કોઈ ગુરુ તરીકે સંબોધે એ પસંદ નથી. તેઓ તો પરમ કૃપાળુદેવના પરમ શિષ્ય બનીને રહે છે. બીજું, જગત આખું પરમ કૃપાળુદેવને 'મહાવીર શિષ્ય' તરીકે ઓળખે એવી જે એમની ઉત્કૃષ્ટ ભાવના એજ એમનું સાચું શિષ્યત્વ છે.

આવું જ સાચું શિષ્યત્વ પૂજ્ય મમ્મીજીનું હતું. પોતાની અદ્‌ભુત દશા હોવા છતાં પૂજ્યશ્રીના ખોળામાં માથું મુકીને વંદન કરતાં જોયાં છે. પતિને પરમેશ્વર રૂપ માની એમની દરેક આજ્ઞા ઉઠાવતા. આવું જ શિષ્યપણું આપણે પૂજય નિલેશભાઈમાં પણ જોઈ રહ્યા છીએ. સત્સંગ આપતી વખતે પૂજ્યશ્રીનો મહિમા કરતાં પૂજ્યશ્રી તરફ એમનું મલકવું એ જોઈને લાગે કે કેવી અદ્‌ભુત અને અજોડ ગુરુ શિષ્યની જોડી છે.

આવી મહાવીર શિષ્ય પરમ કૃપાળુદેવની ભક્તિ જેમના રોમે રોમ વ્યાપેલી છે, મોક્ષ દાતાર પૂજ્ય બાપુજીનો ઉપકાર જેમના હૃદયના ખૂણે ખૂણે વસેલો છે, એવા પૂજ્યશ્રી આજે અનેક જીવોના તારણહાર હોવા છતાં પરમ શિષ્ય રહી સર્વ યશ એમના શ્રી સદ્‌ગુરુને આપે છે અને ક્યારેય ગુરુપદ સ્વીકાર્યું નથી.

આવું સાચું શિષ્યત્વ જેનામાં પ્રગટ થયું છે એવા પૂજ્યશ્રીને ગુરુ પૂર્ણિમાના પવિત્ર દિવસે અમ સૌના કોટિ કોટિ વંદન હો, વંદન હો.

હે પ્રભુ! આજના પવિત્ર દિવસે અમે પણ સૌ એજ ઈચ્છીએ છીએ કે અમને સાચું શિષ્યત્વ આપો .

Q શારીરિક વેદના થતી હોય ત્યારે જડ અને ચેતનનો વિચાર કરી આ વેદના દેહને થાય છે એવી કોશિષ કરવા છતાં પણ વેદના એટલી અસહ્ય હોય છે કે ધ્યાન વારેઘડીએ ત્યાં જ દોરાઇ જાય, બીજું બધુ ભૂલી જવાય ત્યારે શું કરવાનું ? પુરુષાર્થ કેવી રીતે કરવાનો ?

ઉત્તરઃ આપણા ભયંકર એવા ક્લેશ, કષાય, ક્રોધનાં કારણે કોઈએ આપઘાત કરી લીધો કે બીજું કંઈ કર્યું હોય એના કારણે આ ભયંકર વેદના છે. આ ભવમાં જ્યારથી આ વેદના શરૂ થઈ છે તો ભાવ એમ કરવાનાં કે હવે ક્યારેય આ પ્રમાણે તીવ્ર કષાયો નહીં જ કરું, ભવિષ્યમાં પણ નહીં જ કરું.

જે લોકો આપણી સાથે ગમે તે રીતે મીસબિહેવ કરે તો પણ એનો દોષ નહીં જોવાના, એનાં ગુણ જ જોવાના. ગુણ એ રીતે કે તમે મારા ઉપર હદથી વધારે ગુસ્સે થાવ અથવા અશુભ બોલો, ગમે તે કરો ત્યારે મારે તમને મિઠાઈ ખવડાવવી જોઈએ, હાર પહેરાવવો જોઈએ, એમ કહીને કે તમે મારી ટેસ્ટ લઈ રહ્યા છો. આવા સંજોગોમાં હું કેટલી સમતા રાખી શકું છું ? તમે ગાળો આપો છો કે ક્રોધ કરો છો એ મારા માટે અગત્યનું નથી, મારા માટે અગત્યનું એ છે કે મારી સમતા કેટલી ટકી રહે છે. આવી ટેસ્ટ વારંવાર લઈને તમે મને આગળ વધારો છો તો તમારું મોઢું તો મીઠું મારે કરાવવું જ જોઈએ એમ વિચારવું.

બીજું, શરીર જડ છે એમ તમે કહો છો એવી રીતે પત્ની પણ જડ છે અને એ શરીરથી દૂર પણ છે, તે છતાં એને કાંઈ થાય તો આપણને પણ કંઈક થાય છે. પોતાના શરીરની જે વેદના છે એમાં આત્મા એની સાથે છે એટલે વેદના થાય છે, પણ પત્નીનાં કેસમાં તો એ જડ છે અને દૂર પણ છે તોય અસર થાય છે. એટલે જેટલો મોહ છે, જેટલો રાગ છે એ પ્રમાણે દુઃખ થવાનું છે. શરીર પ્રત્યે જેટલો રાગ છે એ ઓછો થઈ જાય તો વેદનાની અસર નહીં થાય, દુઃખ નહીં લાગે; એટલે કે ઓછું લાગશે એમ કહેવાનું છે.

ઘણા બધા સત્સંગીઓ જે જુના છે એમાંના જે લોકો આઈ.સી.યુ. માં ગયા હોય એમને પૂછજો; કેન્સરની પેશન્ટ હોય, ત્યારે ડૉક્ટર કહેશે આ હાલતમાં અતિશય વેદના થશે, તો એ કહેશે મને નથી થતી. ડૉક્ટર કહેશે તું જૂઠું બોલે છે. પણ પેશન્ટનું મોઢું તો હસતું હોય છે. ડૉક્ટરને ખબર નથી પડતી, જાદુ જેવું લાગે છે, પૂછવું પડશે અને ખરેખર ડૉક્ટર ફોન કરે છે કે આ કઈ ચીજ છે કે આ લોકો આવી રીતે રહી શકે છે ?

Q થોડાક વખતથી આરંભ-પરિગ્રહ અને વૈરાગ્ય-ઉપશમ એ ચાર શબ્દો પર વિચારણા ચાલુ છે. કર્મનાં ઉદયમાં લક્ષ પણ રહે છે કે આ સંસાર માર્ગ છે અને આ પરમાર્થ માર્ગ છે. પરમાર્થ માર્ગમાં આગળ વધવાની બહુ જ ઝંખના છે પણ અમૂક કર્મ ના ઉદય એવા હોય છે જેના કારણે પાછા સંસારમાં ખેંચાઈ જવાય છે, તો એમાંથી નિકળી આગળ કેવી રીતે વધવું ?

ઉત્તરઃ પુર્વે જે કંઈ કર્મો વાવેલા છે એ કર્મો ઉદયમાં આવે, તો સંસાર તરફ ખેંચાઈ જવાય, જરૂર ખેંચાઈ જવાય. આનો કોઈ કરતાં કોઈ ઉપાય નથી, નથી ને નથી જ. સંસાર તરફ જ્યારે ખેંચાઈ જઈએ ત્યારે અંતરંગથી યાદ રાખવાનું કે સંસારનાં જે કંઈ કામ કરીએ છીએ એ અત્યંત સમતા ભાવે કરવા. એમાં જરા પણ રાગ-દ્વેષનાં અંશ જોડાયેલા ન જોઈએ. સંસારના કામ કરવા પડે તો રસપૂર્વક નહીં કરવાના; મેં પૂર્વે બાંધેલું આ કર્મ છે માટે સંસારમાં કરવું પડે છે. એ વખતે બને એટલો સમતાભાવ રહ્યા કરવો જોઈએ.

મારી તમારી જે દશા છે એનાં કરતાં અનેક ગણી વધારે પરમ કૃપાળુદેવની દશા હતી. લગભગ સર્વજ્ઞ જેવી દશા ૨૯ મે વર્ષે હતી. ૧૦ મે વર્ષે અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન હોવા છતાં પણ બિઝનેસમાં ખેંચાઈ ગયા હતાં, લગ્ન કરી સંસારમાં જોડાઈ ગયા હતાં પણ ક્યારેય એમાં રસપૂર્વક કોઈ ક્રિયા કરી નથી.

પૂર્વે ભૂલ કરેલી છે માટે સંસાર તરફ ખેંચાઈ જવાનું

આ કર્મ ઉદયમાં આવેલું છે. હવે આ સંસારમાં કોઈપણ રસ મારે લેવો નથી, તો પછી સંસાર છૂટતો જશે.

Q અસંગતા અને નિઃસંગતા વચ્ચે શું ફરક છે ?

ઉત્તરઃ અસંગતા એટલે અખંડપણે આત્મભાવ સિવાય બીજો કોઈપણ ભાવ માત્ર ન રહેતો હોય, પછી ભલે જડ પદાર્થ હોય, ચેતન પદાર્થ હોય પણ પોતાના સ્વઆત્માની અંદર રહ્યા કરાતું હોય એ અસંગતા છે.

પરમ કૃપાળુદેવનાં શબ્દોમાં કહીએ તો **'અમે દેહધારી છીએ કે કેમ તે સંભારીએ ત્યારે માંડ જાણીએ છીએ...'** આ અસંગતા છે. પોતે આત્મામાં જ રહ્યા કરે છે ત્યારે કોઈનો સંગ નથી એ અસંગતા છે.

આટલા બધા સત્સંગીઓનો ઘેરાવો છે, બધાનો સાથ પણ છે. સાથે સત્સંગ કરીએ છીએ, એકબીજાને ઓળખીએ છીએ. આ આ છે, આ આ છે. પણ આ લોકો સાથે કોઈ જાતનો સંબંધ ન જોઈએ. આ દુનિયામાં કોઈ જ મારું નથી, હું આત્મા છું. બધાને જોયા જાણ્યા પછી જે નકારાત્મક ભાવ એ છે નિસંગતા. મોટે ભાગે જડથી અલગપણે રહેવું, અસંગપણે રહેવું એ નિસંગતા કહો તો ચાલે.

Q પત્રાંક ૨૦૫માં પરમ કૃપાળુદેવે લખ્યું છે કે ''જ્ઞાનીને સર્વત્ર મોક્ષ છે; આ વાત જો કે યથાર્થ છે; તો પણ જ્યાં માયાપૂર્વક પરમાત્માનું દર્શન છે એવું જગત, વિચારીને પગ મુકવા જેવું તેને પણ કંઈ લાગે છે; માટે અમે અસંગતાને ઈચ્છીએ છીએ. હાં, તમારા સંગને ઈચ્છીએ છીએ, એ યોગ્ય જ છે.'' માયાપૂર્વક પરમાત્માનું દર્શન છે એવું જગત એટલે શું ? જ્ઞાનીને સર્વત્ર મોક્ષ હોય તો માયાનાં ઉદયમાં એલર્ટનેસ કેમ ?

ઉત્તરઃ 'જ્ઞાનીને સર્વત્ર મોક્ષ છે' એટલે સિદ્ધ ભગવાન જ્યાં બિરાજે છે, સિદ્ધાલયમાં એ મોક્ષ (સર્વ કર્મથી રહિતપણું) એક છે અને કોઈપણ જાતના બંધનનું કારણ ન થાય એવી દશાથી જ્ઞાની વર્તતા હોય એ પણ મોક્ષ છે. અહીં જ્ઞાની એટલે સાતમાં ગુણસ્થાનકથી માંડી અને શ્રેણિ માંડી હોય, પણ પૂરી ન કરી હોય એટલે કેવળજ્ઞાન પ્રગટી ન ગયું હોય, ત્યાં સુધી બધા જ્ઞાની કહીએ. ચોથે ગુણસ્થાનકે આત્મા વિશેની પૂરી સમજણ હોય કે હું આત્મા છું, આત્માનાં આવા આવા ગુણ, ધર્મ, લક્ષણ છે પણ વ્રત, તપ, નિયમ કંઈ કરતા કંઈ ન હોય તો પણ જ્ઞાની કહેવાય.

'સર્વત્ર મોક્ષ છે' એટલે એવી જ રીતે જીવે છે કે એમને કર્મબંધનનાં કારણ થતાં નથી એવી એમની દશા છે. આવી સારી દશા હોય તો પણ બહુ ધ્યાન રાખવા જેવું છે. શું કામ ? તો પરમાત્માની માયાપૂર્વકનું આ જગત છે. જ્ઞાની કરતાં પરમાત્મા મોટા છે અને પરમાત્મા જ્યારે કહીએ ત્યારે સિદ્ધ ભગવાન કહીએ કે અરિહંત કહીએ એમણે ડગલે ને પગલે આ સંસારની માયા કરી છે. એનો અર્થ જ્યાં જ્યાં નજર પડે ત્યાં આકર્ષણ થઈ જાય છે. અને કર્મબંધનથી ફસાઈ જવાય. 'એવા જગતમાં વિચારીને પગ મૂકવા જેવું તેને (જ્ઞાનીને) પણ કાંઈક લાગે છે.' આવા જ્ઞાની હોય એને બરાબર લક્ષ રહે છે કે ડગલે ને પગલે આત્મભાવથી ચલિત થઈ જવાય માટે આ આત્મભાવ છે અને આ અન્યભાવ છે એવો બરાબર લક્ષ રહ્યા કરે છે અને માયાની અંદર ફસાઈ ન જવાય એવો લક્ષ રાખીને જીવે છે. 'માટે અમે અસંગતાને ઈચ્છીએ છીએ'. માયા તો ત્યાં કામ કરી શકે કે જ્યાં સંગ હોય. તમે રોજ મળતાં હો તો રોજ વાત કરવાનું મન થાય. તમે હસો તો હસવાનું મન થાય, પછી પૂછવાનું મન થાય, કંઈ છે ? તો તમે કહો કે કોઈને કહેતા નહીં, આટલું આ આ છે. આ બધી માયા. આવી નક્કામી વાતોમાં ઈન્વોલ્વ થવું એ સંગનાં કારણે છે. માટે સોભાગભાઈને કહે છે કે અમને તો અસંગપણું જોઈએ છે અને તમે મને મળો એ અસંગપણું છે.

આત્મભાવ સિવાયનાં ગમે તે ભાવ એ માયા છે, બંધનનાં કારણ છે. ◆



શ્રી રાધા-નારદ મિલન

મૂર્ખ વ્રજવાસીઓ દ્વારા થઈ રહેલી શ્રીરાધાજીની ટીકા-નિંદાનો પ્રતિકાર કરવા અને જિંદગીભર યાદ રહી જાય એવો કોઈ બોધપાઠ આપવા હવે શું કરવું એની ચિંતામાં પડી ગયેલા શ્યામસુંદરે પોતાની બુદ્ધિપ્રતિભાને કામે લગાડી દીધી.

શ્રીકૃષ્ણ પ્રભુની સાથે એમની ઐશ્વર્યશક્તિ તો જન્મની પ્રથમ રાત્રિથી જ પોતાના પ્રભાવ અને પરાક્રમ દાખવતી રહી હતી, જે અત્યારે પોતાના સ્વામી શ્રીકૃષ્ણની ચિંતિત મનોદશા જોયા પછી તલપાપડ થઈને સળવળી ઊઠી!

પ્રભુની સાથે પડછાયાની જેમ વિચરતી વિહરતી મહાશક્તિશાળી શ્રીયોગમાયાએ પણ જાણી લીધું કે શ્રીકૃષ્ણ હવે કોઈ એવી દિવ્ય લીલા ભજવવા ઈચ્છે છે કે જે નજરે જોયા બાદ જન્મજન્માંતર સુધી આ 'લીલા' જે કોઈ સાંભળશે તે ગંગા સમાન પવિત્ર શ્રીરાધાજીના ચારિત્ર્ય પર ગૌરવ ધરશે; એટલું જ નહીં, એમના અખંડ સતીત્વ પર આંગળી તો શું ઈશારો કે વિચાર સુદ્ધાં પણ કરવાની હિંમત નહીં કરી શકે!

અને પછી બીજે દિવસે બપોરના સમયે, નંદ - યશોદાની વિશાળ ગૌશાળાના પ્રાંગણમાં કંઈક અણધાર્યું ને અકલ્પ્ય બની ગયું. કોઈ ગોપબાલ દોડતો આવીને યશોદામાને કહી ગયો હતો કે એમનો

લાડીલો કનૈયો રમતાં રમતાં અચાનક બેહોશ થઈને ઢળી પડ્યો છે અને એના હાથપગ ખેંચાઈ રહ્યા છે.

સૌએ જઈને જોયું તો ગૌશાળાની આગળ જ નંદકુંવર મૂર્છિત થઈને ચત્તાપાટ પડ્યા હતા. મા યશોદાથી પોતાના લાડીલા કનૈયાની આ સ્થિતિ જોઈ ન ગઈ અને એ તો ચીસ પાડીને એની પાસે ફસડાઈ પડ્યા અને કારમું કલ્પાંત કરવા માંડ્યા. નંદબાબા કે અન્ય કોઈ કંઈપણ પૂછે એ પહેલાં તો, દાઉ બલરામ કે જે અન્ય ગોપબાળો અને કનૈયાની સાથે આ સ્થળે થોડીવાર પહેલાં ગેડીદડો રમતા હતા તેમણે રડમસ અવાજે કહેવા માંડ્યું;

''બાબા! અમે કોઈએ એને કંઈ કર્યું નથી. એ તો ખભે ગેડી મૂકીને શાંતિથી અહીં છાંયડામાં ઊભો જ હતો ને એકાએક શું થયું કે ચીસ પાડીને ભોંય પર પટકાયો અને ભાન ગુમાવી બેઠો. આમાં અમારો કોઈનો જરાપણ વાંક નથી.''

કેટલાક અનુભવી વૃદ્ધ ગોપોએ ચારે બાજુ માણસો દોડાવ્યા હતા. વ્રજમાં કેટલાક નજર ઉતારનારા ભૂવા-જતિ વગેરે હતા તથા જેઓ કંઈક વૈદું જાણતા હતા તે તમામ જ્યાં બેઠા હતા ત્યાંથી ઊઠીઊઠીને લગભગ દોડતા નંદબાબાની ડેલીએ આવવા લાગ્યા.

આવા પ્રસંગોમાં સામાન્ય રીતે જે ઘરગથ્થુ ઉપાયો અજમાવવામાં આવતા હોય છે તેની અજમાયશ શરૂ થઈ ગઈ. કોઈએ નજર ઉતારી, તો કોઈએ નજરને થાળીમાં બાંધી. કોઈએ માથેથી પાણી ભરેલો લોટો સાતવાર ઉતારીને કૂતરાની ચાટમાં રેડ્યો, તો કોઈએ સાવરણી લઈને માથાથી પગ સુધી સાતવાર ફેરવીને ઊંજણી નાખી. કોઈએ મંતરેલો કાળો દોરો જમણા હાથે બાંધ્યો, તો કોઈએ તાવીજ બનાવીને ગળામાં પહેરાવ્યું. પરંતુ કેમેય કરીને નંદદુલારો ભાનમાં ન આવ્યો તે ન જ આવ્યો! જાણીજોઈને બેભાન થવાની 'લીલા' આચરી હોય એવા નટખટ નંદકુંવર તો કોઈ લાખ ઉપાય કરે તો પણ જ્યારે ભાનમાં આવવું હોય ત્યારે જ આવે ને! જેમ જેમ સમય વીતતો ગયો તેમ તેમ બધાયના જીવ પડીકે બંધાતા ગયા. યશોદામૈયાનું કલ્પાંત તો જોયું જતું ન હતું. બલરામ પણ હવે તો ડુસકે ચડયા હતા. ગોપકન્યાઓ અને ગોપસુંદરીઓ હીંબકાં ભરી રહી હતી.

નંદબાબા લાલાની નાડી પોતાના હાથમાં પકડીને અદ્ધર શ્વાસે બેઠા હતા. લાલાની નાડી ધીરે ધીરે મંદ પડતી જતી હતી અને છાતી ધમણની જેમ હાંફતી હતી.

કંઈક ગોપયુવાનો મારતે ઘોડે કોઈ સિદ્ધ પુરુષની શોધમાં ચારે દિશામાં ઊપડી ગયા. પરંતુ જે ગયા એમાનું કોઈ પાછું આવતું ન હતું.

એવામાં એક ગોપી દોડતી ત્યાં આવી અને નંદબાબાને કહેવા લાગીઃ ''બાબા, બાબા! યમુનાકિનારે કદમ્બના વૃક્ષ નીચે હમણાં જ હું એક નવજુવાન સંન્યાસીને જોઈને આવી છું. આહા ! શું એમના લલાટનું તેજ છે! ને શી ભવ્ય છે એમની દેહાકૃતિ! જાણે સાક્ષાત્ ધન્વંતરી જ જોઈ લો! એમને તેડવા મોકલો. મને લાગે છે કે તેઓ જરૂર કંઈક ચમત્કાર કરશે.''

આઠદસ ગોપકુંવર દોડ્યા યમુના તટે અને ખૂબ સન્માનપૂર્વક પેલા નવજુવાન સંન્યાસીને નંદરાયની ડેલીએ તેડી લાવ્યાં. લાલાના મુખારવિંદ પર નજર ઢાળીને બેઠેલાં યશોદામાએ આજીજીભરી નજર ઉઠાવીને પેલા આગંતુકની સામે જોયું અને એમની આંખો આશ્ચર્યથી એકદમ પહોળી થઈ ગઈ! અરે! આ સંન્યાસીનું મુખારવિંદ તો બિલકુલ મારા કનૈયાને મળતું જ આવે છે! એકદમ ભાવાવેશમાં આવી જતાં યશોદામૈયાથી સહસા બોલાઈ જવાયું.

બેટા, કનૈયા! પણ બીજી જ ક્ષણે પોતાની જાતને

સંભાળી લઈને પેલા સંન્યાસીની સામે જોઈને કહેવા લાગ્યાં: ''પ્રભુ, મારો પ્રાણ, પ્રાણ ત્યજી રહ્યો છે. દેવ! જલદી એને સાજો કરો. આપ જે દક્ષિણા માંગશો તે હું આપીશ એને બચાવી લો કહેતાં કહેતાં યશોદામૈયાએ સંન્યાસી આગળ ખોળો પાથર્યો.

હે દેવીઓ! આજે હવે તમને કહેવામાં મને જરાપણ વાંધો નથી કે એ સંન્યાસી રૂપે ખુદ મને જ ભગવાન નારાયણે વ્રજમાં જવાનો આદેશ આપ્યો હતો અને દેહાકૃતિ પણ તેઓએ યુવાન શ્રીકૃષ્ણકનૈયાના જેવી જ બનાવી દઈને મને સર્વે પાઠ ભણાવીને ત્યાં મોકલ્યો હતો!

યશોદામાએ મારી આગળ આમ ખોળો પાથર્યો તે જોઈને મને મનમાં શરમ આવી ગઈ. પરંતુ જે 'ભૂમિકા' મને સોંપવામાં આવી હતી તે સાંગોપાંગ પાર પાડવા માટે લાગણી પર સંયમ અનિવાર્ય હતો એમ સમજીને ઢોલિયા પર એમની બાજુમાં બેસી જઈને સૌ કોઈ સાંભળે એ રીતે ઉચ્ચ સ્વરે કહ્યું,

'માતા! હું કોઈ દક્ષિણા કે ઈનામની આશાએ અહીં નથી આવ્યો. આપ ઊભા થઈ જાવ અને આપના લાલાનું માથું મને મારા ખોળામાં લઈ લેવા દો.'

અને પછી શ્યામસુંદરનું માથું મારા ખોળામાં લીધા બાદ ખૂબ વ્યથિત ને ચિંતિત નંદરાય સામે જોઈને મેં કહ્યું:

''હે સજ્જન! આપના લાલાને હવે કંઈ નહીં થાય! જે થવાનું હતું તે થઈ ગયું. હવે ધીરજ રાખો. હું હમણાં જ એને ભાનમાં લાવી દઉં છું. પણ એ માટેની વિધિ કરવા હું જે જે વસ્તુઓ માંગુ અને જેમ કરવાનું કહું તેમ તમારે લાવવા કરવાનું રહેશે. છે કબુલ?''

ત્યાં ઊભેલાં બધા એકસામટા બોલી ઊઠ્યા : ''આજ્ઞા કરો, વૈધરાજ! આપ જેમ કહેશો તેમ કરવા અને આપ જે મંગાવશો તે લાવવા અમે તૈયાર છીએ.

નારદજી આગળ કંઈપણ બોલે એ પહેલાં તો, સત્યભામા નિવાસની મુખ્ય સેવિકા દ્વારમાં આવી પ્રણામ કરીને બોલી: પ્રભુએ આપ સૌને કહેવરાવ્યું છે કે જમાઈરાજ અર્જુનજીને લઈને ઉદ્ધવજી પધાર્યા છે અને તેમને મળવા પ્રભુ માતેશ્વરીના મહેલે જઈ રહ્યા છે.

પટરાણી રુક્મિણીજી પ્રભુનો સંકેત સમજી ગયાં. તેણે તરત જ કહ્યું:

''આપણે સૌએ હવે જરાપણ વિલંબ કર્યા વિના માતેશ્વરીના મહેલે પહોંચી જવું જોઈએ.''

જેમને નારદજીની કથામાં અત્યંત રસ પડ્યો હતો તે સત્યા અને લક્ષ્મણાથી સ્વાભાવિક બોલાઈ જવાયું: ''પણ દીદી ! આ કથા ? આ પ્રસંગ ? અધૂરી રહી જશે એનું શું''

સૌએ નારદજી સામે આશાભરી મીટ માંડી. નારદજીએ ઊઠતાં ઊઠતાં કહ્યું: ''તમે ચિંતા ન કરશો. હમણા તમે સૌ ત્યાં જાઓ. હું પણ 'અતિથિગૃહે' જઈને થોડો સ્વસ્થ થાઉ. રાત્રિનો બીજો પ્રહર શરૂ થાય એ પહેલાં ફરી આપણે સૌ દેવી સત્યભામાના મહેલે ભેગાં થઈએ. મને ખાતરી છે કે રાત્રિનો બીજો પ્રહર પૂરો થાય ત્યાં સુધીમાં તો મારે જે કહેવાનું છે તે પૂરું થઈ જશે.

સૌ રાજીરાજી થઈ ગયા. રુક્મિણીએ કહ્યું: ''હું પ્રભુની અનુજ્ઞા પણ મેળવી લઈશ. એમની સંમતિ મળી જશે પછી તો આપણને વચ્ચે કશી જ ખલેલ નહીં પહોંચે. આપણે પહેલાં ત્યાં જઈ આવીએ અને પછી પરવારીને સૌ ઝડપથી અહીં આવી જઈએ. પધારો, મુનિવર! હું આપને અતિથિગૃહે પહોંચાડી આવું.''

આંખના ઈશારે સૌની રજા લઈને પટરાણી અત્યંત પ્રસન્ન ચિત્તે દેવર્ષિ નારદજી સાથે 'કૃષ્ણભવન' તરફ જવા રવાના થયાં. ◆

ક્રમશ:

રક્તદાન શીબીર

સંસ્થા દ્વારા રવિવાર તા. ૧૨-૦૫-૨૦૧૯ના એક રક્તદાન શીબીરનું આયોજન મૈત્રી ઈન્ટરનેશનલ (કોલકાતા), પ્રોજેક્ટ લાઈફ ફોર્સ અને જૈન સોશ્યલ ગ્રુપ કોલકાતા ઉત્સવના સમાયોગે કોલકાતા રીસર્ચ સેન્ટરના બેન્કવેટ હોલ મધ્યે કરવામાં આવ્યું હતું. શ્રીમદ્ રાજચંદ્ર મંદિર મધ્યે સવારે ભક્તિ તેમજ જાહેર સત્સંગ પૂર્ણ થયા બાદ પ્રોજેક્ટ લાઈફ કોર્સના મૂખ્ય સંચાલનકર્તા ધનીશભાઈએ સર્વેને રક્તદાનની અગત્યતા સમજાવતા કહ્યું કે પશ્ચિમ બંગાલમાં પ્રતિ પાંચ મિનિટમાં એક વ્યક્તિ રક્તના અભાવથી મૃત્યુ પામે છે. તેના નિવારણ માટે રક્તદાનની આવશ્યકતા ઘણી જ વધુ છે. તેમણે રકતદાન માટે સર્વેને પ્રેરીત કર્યા હતા તેમજ જીવનમાં પ્રથમવાર રક્તદાન કરી રહેલા લોકોના મનમાં રહેલાં પ્રશ્નોનું સમાધાન પણ કર્યું હતું.

સંસ્થાના ઘણા મુમુક્ષુઓ, તેમના પરિવારજનો અને મિત્રો તથા અન્ય લોકોએ સ્વેચ્છાએ રક્તનું દાન કર્યું હતું. ઘણા બાળકોએ પણ પોતાના રક્તનું દાન કરી આ શીબીરમાં ભાગ લીધો હતો.

સંસ્થાના પ્રેરણાસ્ત્રોત પૂજ્યશ્રી પ્રેમાચાર્યજી (પ.પૂ.પપ્પાજી)ના સૂત્ર ''જે બીજાના સુખનો વિચાર કરે તે ક્યારેય દુ:ખી ન હોય'' ને અનુસરીને સંસ્થા દ્વારા નિયમીત રીતે માનવસેવાના વિભિન્ન પ્રકારના કાર્યો થતાં રહે છે. આ રક્તદાન શીબીર એમાનું એક મહત્વનું કાર્ય છે.

તે સમય દરમિયાન સંસ્થાના અન્ય એકમો જેમકે સા.નિ.સા, ચાકરી, પ્યુરો, ડીવીનીટ વગેરેએ રીસર્ચ સેન્ટરના પહેલે માળે આવેલાં બેન્કવેટ હોલ મધ્યે પોતાના પ્રોડક્ટ્સના સ્ટોલ પણ મૂક્યા હતા જેથી આ શીબીરમાં ભાગ લેવા બહારથી આવતાં લોકોને સંસ્થાની ગતિવિધિઓની જાણકારી મળે અને સંસ્થાના વિકાસમાં તેઓ પણ સહભાગી થઈ શકે. સંસ્થાના મિરાબહેનોએ આ કાર્ય સુચારુરૂપે સંભાળ્યું હતું. ◆









પૂજ્ય કુંવર મા

(ગતાંકથી ચાલુ)

શુદ્ધ બનીએ તો બની શકાય તેવું છે.

એક વખત પૂ. મા એ મને કહ્યું કે દરરોજ સવારે ઉઠીને વિચારવું કે આજે જ જન્મ થયો છે. આગળ પાછળનું બધું ભુલી જવું. નાના બાળક જેવું હૃદય રાખવું. નાનું બાળક જરાવારમાં બધું ભૂલી જાય, તેને ચિંતા પણ ન હોય તેમ રહીએ તો હૃદય શુદ્ધ થાય.

શેરનાં વાસણમાં દોઢ શેર શી રીતે સમાય ?તેમ મેલથી ભરેલા આ હૃદયમાં પ્રભુ પ્રેમ શી રીતે સમાય ? કચરો કાઢી શુદ્ધ થઈએ અને હૃદય ખાલી હોય તો પ્રભુ આવી બીરાજે.

જેના દેહમાં રોમ રોમ સત્ય વ્યાપી રહ્યું છે તેઓ સાચા સદ્‌ગુરુ છે, પરંતુ તેમનાં અભાવે સતને રસ્તે ચાલવું અને સત્ સ્વરૂપ બનવું એ મનુષ્ય જન્મનું શુભ રહસ્ય છે.

જગત જેને વ્હાલું ગણે છે, તેમાં તું વ્હાલપ ન માન, જગત જેને નથી જાણતું, તેને તું જાણ.

અહો! આટલો અનંતકાળ મારા પ્રભુને ભૂલી! અંતરમાં બેઠેલાને ભુલી! રોમ રોમમાં વ્યાપેલાને ભુલી! હવે જ્યાં ભુલી ત્યાં જ શોધ. એ તો હૃદયમાં જ છે. ત્યાંથી જ મળશે.

પૂ. મા એક ભાવિક વ્યક્તિ તરીકે તો અનન્ય હતા, પરંતુ એક ગૃહસ્થાશ્રમી તરીકે પણ તેઓએ જીવી જાણ્યું હતું. જેમ પરમ કૃપાળુ દેવ ગૃહસ્થાશ્રમમાં રહીને નિર્લેપ રહેતાં તેની પ્રતીતિ મા ને જોતાં જરૂર થાય. પૂ. મા તેમના કુટુંબમાં નાના મોટા દરેક સાથે સમભાવ રાખી પ્રેમ દ્રષ્ટિથી જોતા અને ઉદાસીન વૃત્તિ રાખી તેમની સાથે શાંતિથી ગૃહસ્થાશ્રમ ચલાવતા. ''કુશળ અને કહ્યાગરા પુત્રો, આજ્ઞા અવલંબી ધર્મયુક્ત અનુચરો, સદ્‌ગુણી સુંદરી, સંપીલુ કુટુંબ અને સત્પુરુષ જેવી સ્વદશા તે વંદનીય છે.'' આ જે પરમ કૃપાળુ દેવે કહ્યું છે તે બધું મા ના વ્યક્તિત્વમાં દેખાય છે.

અઠવાડિયું પૂ.માના સત્સંગમાં રહીને પછી ત્યાંથી નીકળી વવાણીયા પહોંચ્યા. ત્યાં પૂ. બ્રહ્મચારીજી સંઘ લઈ પધારેલ અમને તેમનો લાભ મળ્યો. આ બન્ને આત્માઓની પરમ કૃપાળુ પ્રભુ પ્રત્યેની પરમ શ્રદ્ધા જોઈ મારા આનંદનું શું વર્ણન કરું! ભૂખ્યાને જેમ ભોજન મળે ત્યારે તેને કેટલો આનંદ થાય એવો આનંદ થતો અને ઉલ્લાસમાં દિવસો જતાં.

પણ પછી પાણીની તરસ લાગી હોય ને તળાવે જઈ તરસ્યો રહે તેમ મને થયું. પૂ. મા પાસે જ્ઞાન રૂપી તળાવ ભરેલું છે, પણ એ પાણી મેં પીધું નહીં ને તરસ રહી ગઈ તેનું દુઃખ હંમેશા રહ્યાં કરતું. આમ કરતાં ત્રણ ચાર વર્ષ નીકળી ગયા. પછી મા સાથે પરિચય વધતાં મારું ત્યાં જવાનું અવારનવાર બનતું. તેમનો ઉપદેશ એક મહા મુનિની યાદ અપાવતો. તેઓની આંખમાંથી અમી વરસતું. વાંચવા બેસતી વખતની તેમની રીત ખાસ ધ્યાન ખેંચે તેવી હતી. જ્યાં સુધી વાંચન ચાલે ત્યાં સુધી એક જ આસને સ્થિર બેસતાં. શરીર નબળું છતાં

કોઈ જાતનો ટેકો ન લેતા. એક ધ્યાને ઉપદેશ આપતાં. તે જોતાં મને વિચાર આવતો કે આ સાચી સમાયિક કહેવાય.

પોતે કોઈ દિવસ કોઈને કહેતાં નહીં કે આવી રીતે સમતા રૂપી સામાયિક થાય પણ મૌન રહી કરી બતાવતા. તેની છાપ આપણા ઉપર પડે અને આપણને એમ થાય કે પરમ કૃપાળુ દેવે કહ્યું છે કે કોઈપણ સામાયિક કરતું હોય તેને કહેવું નહીં કે તારી સામાયિક બરાબર નથી. પણ આપણે સમતારૂપી સામાયિક, જ્ઞાન-ધ્યાન-વૈરાગ્ય સહિત કરવી તેથી બીજાને પોતાની ભૂલ સમજાય. પૂ. મા પરમ કૃપાળુ પ્રભુની આજ્ઞા શીર પર ચડાવી તે પ્રમાણે કરતાં.

તેઓ ઉપદેશ આપે ત્યારે એક પ્રભુ તરફ દ્રષ્ટિ રાખતાં. વાંચનમાં કોઈ સાથે વાત કરતાં નહીં. છતાં સહુને એમ જ થતું કે મા મને જ કહે છે. સૌને પોતાના દોષ કયાં છે તેનું ભાન થતું.

આ બધું આપણે વિચારીએ તો એ જ્ઞાનાત્માને કોઈ ઉપમા આપવી તે શક્તિ બહારની વાત છે. તેઓ ઘણી વખત કહેતાં કે પ્રમાદ છોડો. સાચા મને પ્રભુની ભક્તિ કરો. તમે ચાર આના મહેનત કરશો તો પ્રભુ બાર આના સાથ આપશે. માટે પ્રમાદ છોડો. કાળનો ભરોસો ન કરો. કાળ કોળીયો કરી જશે. ખબર નહીં પડે. જડ વસ્તુ છે તે પડી રહેશે અને હંસલો ચાલ્યો જશે. પછી ભેળા થઈને બાળી આવશે એટલે સંબંધ પૂરો થશે. ચાર દહાડા સૌને લાગશે પછી સૌ ભૂલી જશે.

આત્મા પોતાના કર્મ આધીન પાછો સંસારમાં પરિભ્રમણ કરશે. તો તેનો છૂટકારો ક્યારે? માટે પરિભ્રમણ થતું અટકાવવાની ચાવી શીખવી જોઈએ.

દરેક ઉપર પૂ. માની શ્રદ્ધા અને શુદ્ધ ભાવનાની છાપ પડતી. જે જે કહેતાં તે બધું અનુભવ સહિત કહેતાં હોય તેમ લાગે. તેઓ એક મહાન પૂણ્યાત્મા હતા. જેટલું તેમનું ધાર્મિક જીવન ઉચ્ચ હતું તેટલી જ તેમની રહેણી કરણીમાં સાદાઈ હતી. જીવનમાં માત્ર જરૂર પૂરતું ખાવું, પીવું, જરૂર પૂરતાં કપડાં સિવાય કોઈ જાતનો પરિગ્રહ તેઓ રાખતાં નહીં.

પોતાની આંતરિક દશા આટલી ઉચ્ચ હોવા છતાં કુટુંબની અનુકૂળતા પ્રતિકૂળતાનો તેઓ હંમેશા પહેલો વિચાર કરતાં. ઘરનાં સંજોગોને અનૂકુળ થઈ ધાર્મિક ક્રિયામાં પોતાનો સમય ગાળવા સહુને ખાસ સમજાવતા.

તેઓ અસંગતા ઇચ્છતા અને સહુને તેની ભલામણ કરતાં. તેઓ કહેતાં, દોડધામ ઓછી કરવી. જેટલું એકાંતે થશે તેટલું દોડધામથી નહીં થાય. માટે અસંગ થતાં શીખો. બાકી તો સંસારનો મેળો છે. લૂંટારા ઘણા છે, તમારું ધન લૂંટી લેશે. માટે ચેતીને ચાલવા જેવું છે. ચાર કષાયરૂપ લૂંટારા પેઠા તો કાઢવા મુશ્કેલ છે. માટે તેમને પેસવા દેવા નહીં. આવી રીતે દાખલા દઈ ગૂઢાર્થ સમજાવતાં ને જીવોને શાંતિ ઉપજાવી સન્માર્ગે દોરતા.

અત્યારે ઘણાં જીવોને તેમનો વિયોગ સાલે છે. તેઓ ક્ષમાની મૂર્તિ, દયાની દેવી, શાંતિના સાગર હતા. તેમની આંખમાં ભક્તિનાં ઝરણાં હતા. ઘણાં ઉપકાર કર્યા છતાં અભિમાન રહિત હતા. તેમના ગુણોનું વર્ણન કરવાની આ પામરમાં શક્તિ નથી. **(ક્રમશઃ)**

સદ્‌ગુરુ વૈદ્ય – પરમાર્થ ડૉક્ટર

■ **મધુકરભાઈ શાહ,** રાજનગર, પરલી

પરમ કૃપાળુદેવે આત્મસિદ્ધિ ગાથા (૧૨૯)માં સદ્‌ગુરુને ભવરોગ મટાડવાના વૈદ્ય કહેલ છે. વિચાર - ધ્યાન તેનુંઔષધ કહેલ છે.

જીવને ચારેય ગતીમાં સંસાર પરિભ્રમણનો ભવરોગ લાગેલ છે તેની સમજ ન હોવાથી અનંતકાળથી તે જન્મ-મરણના ફેરા ફરતો રહે છે. તે ભવરોગ દૂર કરવા અને મુક્ત થવા પરમ કૃપાળુદેવે આત્મ પ્રાપ્ત જ્ઞાની પુરુષ, સદ્‌ગુરુને ભવરોગ મટાડવા માટેના વૈદ્ય (પરમાર્થ ડૉક્ટર) જણાવેલ છે. તેમના આશ્રયે દવારૂપી આજ્ઞાનુંસાર સમ્યક પુરુષાર્થ કરવાથી મુક્તી પમાય છે.

સદ્‌ગુરુ વૈદ્ય (ડૉક્ટર)નું મહાત્મ્ય વિશેષપણે સંસાર વૈદ્ય (વ્યવહાર ડૉક્ટર)ની સરખામણીથી સમજાશે.સદ્‌ગુરુ દેહથી ભિન્ન આત્મા સમજાવી આત્મવિકાસ કરાવે છે.

સંસારી વ્યવહાર ડૉક્ટર	**પરમાર્થ ડૉક્ટર**
દેહની સમજણ આપે છે.	આત્માની સમજણ આપે છે.
દેહ રોગથી મુક્ત કરાવે છે.	ભવરોગથી મુક્તિ અપાવે છે.
વિવિધ દવાથી શરીર સ્વસ્થ કરે છે.	આજ્ઞામય દવાથી અશરીરી બનાવે છે.
સંસારી દવા આ ભવના આયુષ્ય સુધી લાભકારક હોય છે.	આજ્ઞામય દવા આ ભવ પરભવમાં પણ કલ્યાણકારક હોય છે.
મરણ ટાળી નથી શકતા.	જન્મ મરણના ફેરા ટાળે છે.
આંખનું ઓપરેશન કરી દ્રષ્ટી આપે છે.	ઓપરેશન વગર દિવ્ય દ્રષ્ટી આપે છે.
દેહભાવ તપાસી નથી શકતા.	દેહભાવમાંથી આત્મભાવમાં અનન્ય પરિવર્તન આણે છે.
વારંવાર રીપોર્ટ દેવાથી ડિસ્ટર્બ થઈ જાય છે.	રીપોર્ટ ન દેવાથી ડિસ્ટર્બ થઈ જાય છે.
દેહનું સૌંદર્ય વધારી દેહમાં પ્રીતિ કરાવે છે.	દેહને ક્ષણીક, તુચ્છ અને અશુચીમય જણાવી આત્મામાં પ્રીતિ કરાવે છે.
આમાં સ્વાર્થ હોઈ શકે છે.	હંમેશ નિઃસ્પૃહ હોય છે.

સંસારી વ્યવહાર ડૉક્ટર	પરમાર્થ ડૉક્ટર
પ્રિપેઈડ અને પોસ્ટપેઈડ ટ્રિટમેન્ટ કરે છે.	કોઈ પણ ચાર્જ કરતાં નથી.
દવાની Side/bad effects થઈ શકે છે.	No side effects but only upward effects. (આત્મવિકાસ)
રોગથી મુક્ત કરાવે છે.	રાગથી મુક્ત કરાવે છે.
મગ ખાવાનું કહે છે.	ગમ ખાવાનું કહે છે.
ફક્ત દેહને વ્યાધી રહિત કરી શાતા પમાડે છે.	આત્માને આધી-વ્યાધી-ક્રિયાથી રહિત કરી સમાધી પમાડે છે.
આઠ કર્મમાંથી માત્ર દેહનું આશાતા વેદનીય કર્મ મંદ કરાવી શાતા ઉપજાવે છે.	આઠેય કર્મની સમ્યક સમજણ આપી ઉપશમ /ક્ષય કરાવી અવ્યાબાધ સુખ પમાડે છે.
દેહના રોગ પ્રમાણે વિવિધ દવાઓ ૩/૪ વાર લેવાનો કોર્ષ આપે છે.	દિવસમાં ફક્ત બે જ દવાઓ(ઔષધ) વિચાર અને ધ્યાન ફક્ત બે વાર લેવાનું કહે છે, એકવાર ઘરમાં હોય ત્યારે બીજીવાર ઘરની બહાર હોય ત્યારે.
વિવિધ સાધનથી દેહને રૂપાળો બનાવે છે.	આત્મ વિકાસ કરાવી દેહને અરૂપી થવાનો પુરુષાર્થ કરાવે છે.
દેહને નીરોગી બનાવે છે.	આત્માને નીરાગી બનાવે છે, વીતરાગી બનાવી મોક્ષ પમાડે છે.

S - Sadguru is
A - Adhyatma
D - Doctor & Divine
G - Guru Who
U - Understand
R - Religion's
U - Underlying Meaning & Mystery

ઓલ ઇન્ડિયા ન્યૂઝ પેપર કલેકશન સ્વયં સેવકની સ્પેશિયલ શિબિર

ઓલ ઇન્ડિયા ન્યૂઝ પેપર કલેકશન સ્વયં સેવકની સ્પેશિયલ શિબિર ''સેવાથી સાધના''નું આયોજન તારીખ ૧૮ મે અને ૧૯ મે ના રોજ રિસર્ચ સેન્ટર ખાતે કરવામાં આવેલું. આ દોઢ દિવસની શિબિરમાં મુંબઈ, ધુલીયા, પુણે, હુબલી, બેંગ્લુરુ, ચેન્નઈ, અમદાવાદ, કોલકાતા, જમશેદપુર વગેરે ઘણાં સેન્ટરના સ્વયંસેવકોએ ખુબ જ ઉત્સાહથી ભાગ લીધો હતો.

આ શિબિરમાં સ્વાધ્યાયકર્તા આરતીબેન જોશી દ્વારા પત્રાંક ૧૧૭ ના વિવેચનના સંદર્ભમાં એક સરસ વાત આવી જે બધાને સ્પર્શી ગઈ કે ''જે ભકતહૃદયમાં ભગવાન પ્રત્યે ભકિતભાવ પ્રગટ થાય અને ઉત્કૃષ્ટ અર્પણતાથી જ્ઞાનીની આજ્ઞાનું આરાધન થાય તો પુરુષાર્થ ખુબજ દીપે છે.'' આ સેવા થકી બાળકો વિદ્યા ગ્રહણ કરી, જીવનમાં આગળ આવશે, આ બાળકો થકી એક-એક કુટુંબ આગળ આવશે અને સમાજનો સર્વાંગી વિકાસ થઇ શકશે. વળી એમાંથી ઘણા જીવો તત્વજ્ઞાનનો લાભ લઇ પોતાનો મનુષ્યભવ સાર્થક કરી શકશે. આનાથી સમજાય છે કે જ્ઞાનીની એક આજ્ઞામાં કેટલાય જીવોનું કલ્યાણ સમાયેલું હોય છે.

ત્યાર બાદ પરમ પૂજ્ય પપ્પાજી સાથે આયોજાયેલ ''પ્રેમ મિલન''માં સ્વયં સેવકોએ પોતાના ભાવ વ્યકત કરતાં કહ્યું કે તેઓને આ સેવા કરતા ખુબજ આનંદ આવે છે, હેલ્થ સારી થાય છે, માન ઓછું થઇ, સંકોચ દૂર થાય છે, બોલવામાં કોન્ફિડેન્સ આવે છે, બીજા સાથે આત્મીયતા કેળવાય છે અને બીજા લોકોને વીતરાગ વિજ્ઞાનની પ્રભાવના થાય છે.

ત્યાર બાદ પ્રશ્નોત્તરી થઈ તેમાંનો એક પ્રશ્ન કે ''મને મારા ઘણા દોષો દેખાય છે, તેને કઈ રીતે દૂર કરવા?'' એના સમાધાનમાં પરમ પૂજ્ય પપ્પાજી એ સમજાવ્યું તેનો સારાંશ એમ હતો કે અજ્ઞાની જીવ હોય એમાં દુનિયાભરના દોષો હોય, હોય ને હોય. એક આત્માની સાચી સમજણ પડે તો બધા દોષો પોતાની મેળે જતા રહેશે. દોષો દૂર કરવાની જરૂર નથી, આત્માને ઓળખવાની, સમજવાની જરૂર છે. જેવી રીતે કપડાં પર કંઈ ગંદુ પડે તો તરત ધોવામાં આપી દેશું એવી રીતે આત્માને જ્યારે ખબર પડશે, આ બધી ગંદી ચીજો છે, મારા આત્માને ચોટેલી છે, અને એના કારણે અનાદિ કાળથી આજ સુધી જન્મ - મરણના ફેરા કરીએ છીએ તો દોષો પોતાની મેળે જશે. માટે દોષો દૂર કરવાનો પુરુષાર્થ કરવા કરતા આત્માને ઓળખાવાનો પુરુષાર્થ કરવો.

આમ પરમ પૂજ્ય પપ્પાજીનું કલ્યાણભાવરૂપ સ્વપ્ન, શ્રી નિલેશભાઈ થકી પૂરું થઇ રહ્યું છે. તેમાં પૂજ્ય નિલેશભાઇની પ્રેરણા થકી આ સેવા દ્વારા આપણને પણ સહભાગી થવાનો લાભ પ્રાપ્ત થઇ રહ્યો છે.

વિશેષમાં આ શિબિરમાં ન્યૂઝ પેપર કલેકશનને આગળ લઇ જવાના હેતુથી પરમ પૂજ્ય પપ્પાજી અને પૂજ્ય શ્રી નિલેશભાઈની પ્રેરણાથી ''વેલ્ધી એન્વેલોપ'' (wealthy enevelop) યોજના અમલમાં મુકવામાં આવી. જેના માટે પરમ પૂજ્ય પપ્પાજીએ સરસ વચન કહ્યું કે ''જે પૈસા મુકશે, દાન આપશે એ વેલ્ધી થશે.''

આ ટીમ ખુબ જ નિઃસ્વાર્થભાવે પસ્તી કલેકશન થકી શ્રી રાજ એજ્યુકેશન સ્કૂલ આદિ પ્રોજેકટને સહાયભૂત થાય છે. આ ઉત્તમ સેવામાં જોડાવવાની જેમની ઈચ્છા હોય તેમણે વિશેષ જાણકારી માટે મયુરભાઈ 9821639214, નેહાબેન 9322831729, તથા રોહનભાઇ ધુલીયા 9757403987 નો સંપર્ક સાધવો ◆

हे गुरु! क्या कहुँ?

हे गुरु! हे गुरु ! क्या कहुँ, मुझे न अपना भान।
कृपा तो तेरी बरस रही पर, भीग न पाऊँ भगवान।

उपयोग मेरा मुझमें नहीं, 'पर' में बड़ा है ध्यान।
सपना है तुजरुप का, साकार करो बागबान।

'दया धर्म का मूल' है, मुझमें दया ही नाहिं।
जिसका बीज भी नहीं दिखे, उसका तू पेड़ जगाहि।

अभयदान करना सिखाये, महावीर की शिक्षा बताई।
तप में भी संतोष मिले, यह कैसी है तेरी खुदाई?

परदया मुझसे कैसे हो, खुद मति ही मुझ पर छायी।
'स्वदया को तरसूँ प्रभु' मैं, सफल करो मेरे साई।

अनुबंध दया जब जब बरसी, विकल्पों से भर आयी।
'अपने प्रेम को समझाकर' साधना शरू है कराई।

स्वरूप दया, निश्चय दया सबकी करनी है मुझे चढाई।
'तेरे सहारे के बिना, चले न मेरी जोगवाइ।'

दोष दर्शन तू कराये, और कराये सफाई।
तेरी इसी कला पर तो मेरा, दिल आया है माही।

तेरे प्रकाश पर अब मुझे, श्रद्धा दिल से आयी।
एक किरण भी मिल जाए तो, धनभागी कहलायी।

परमादर का लक्ष्य है, मेरे सदगुरु से कह आयी।
हृदयपूर्वक आज्ञा आराधू, उसने ही चाह जगायी।

तेरे उपकारों की कथा ही, मुझे तेरे चरणों में लायी।
तेरी प्रचंड समर्थता से ही, बजे है मेरी शहनाई।

तू ही जिनेश्वर का रूप है, 'तुझसा जगमें कोई नहिं।'
'स्वपरप्रकाशक' मुझे बनाये, इससे बडी क्या धन्याई।

तू मेरा शिल्पकार है, पल पल करे मेरी घडाई।
तेरे तराशने से ही मिटेगी, मेरी मुझसे लढाई।

शुक्रिया तेरा कैसे कहूँ, प्रेम उमडे दिल माहि।
'भक्त तेरा मुझको बनाले,' और न मांगू कांई।

तू तो परमप्रेमी है, मैं तो हूँ हरजाई।
तू चाहे जैसा करूँ, वो भी मेरी स्वार्थ सगाई।


तू मिले ना मिले, दूरी न बने अब खाई।
तू कैसे भी कर ही देता है, हर जख्म की भरपाई।

'सबसे बडा गर्व है मेरा, वीतराग विज्ञान से जुड' पायी।
तेरी शिष्या बन गयी मैं तो, पूर्व की है ये पुण्याई।

'आत्मा मेरा पहला मान हो' 'आश्रम कार्यो में रहु मशगुल।'
हे ज्ञानी तेरी करुणा तो हटाये मेरे सब जडमूल।

'गुरु पूर्णिमा दिवस आज है,' 'नाज है तुझपर बहुत।'
तू जो मुझको देवत है, वह 'अमूल्य' और 'अद्‌भुत।'

स्मिता बोरूंदिया, हैद्राबाद



માનવ મગજની નજીક પહોંચવાનો એક પ્રયાસ: સ્પિનનેકર

કોમ્પ્યુટરથી આગળ સ્માર્ટ ફોન આવી ગયા છે અને તેનાથી આગળ એલેક્સા જેવા પર્સનલ આસિસ્ટન્ટ. પરંતુ વૈજ્ઞાનિકો હજી પણ આગળ ને આગળ વધી રહ્યા છે. તેમણે તાજેતરમાં જ વિશ્વના સૌથી મોટા કોમ્પ્યુટર 'બ્રેઈન'ને સક્રિય કર્યું છે. જાણીને ચોંકી જવાશે પરંતુ તેમાં દસ લાખ કોર અને ૧૨૦૦ એકબીજા સાથે જોડાયેલા સર્કિટ બોર્ડ છે જે સાથે મળીને માનવ મગજ જેવું કામ કરે છે. તે વિશ્વનું સૌથી મોટું ન્યૂરોમોર્ફિક કોમ્પ્યુટર છે. તેને બનવામાં દસ વર્ષ લાગ્યાં છે. આ કોમ્પ્યુટર ન્યૂરોનના ફાયરિંગની નકલ કરે છે, તેમ વૈજ્ઞાનિકોએ તાજેતરમાં જ જાહેર કર્યું છે.

સ્પાઈકિંગ ન્યૂરલ નેટવર્ક આર્કિટેક્ચર અથવા ''સ્પિનનેકર'' નામથી જાણીતું આ કોમ્પ્યુટર પાવરહાઉસ બ્રિટનની માન્ચેસ્ટર યુનિવર્સિટીમાં આવેલું છે. જે રીતે અત્યાર સુધી પરંપરાગત કોમ્પ્યુટરો કામ કરતા હતાં તેનાથી તે અનેકગણું આગળ છે.

સ્પિનનેકર મગજની જેમ માત્ર વિચારતું જ નથી, તે બીજા કોઈ પણ કોમ્પ્યુટર કરતા માનવ મગજમાં ન્યૂરોનના મોડલો પણ બનાવે છે અને તે વાસ્તવિક સમયમાં વધુ ન્યૂરોનની નકલ બનાવે છે. ફર્બરે કહ્યું કે તેનું મુખ્ય કામ મગજના આંશિક મોડલોને સહાય કરવાનું છે, જેમ કે કોટેક્સનું મોડલ, બસલ ગાંગ્લિયાનું મોડલ અથવા બહુ પ્રદેશો જે સ્પાઈકિંગ ન્યૂરોનના નેટવર્ક તરીકે ખાસ ઓળખાય છે.

એપ્રિલ ૨૦૧૬થી સ્પિનનેકર પાંચ લાખ કોર પ્રોસેસરોનો ઉપયોગ કરીને ન્યુરોનની નકલ કરી રહ્યું હતું ,પરંતુ આધુનિક મશીનની બમણી ક્ષમતા છે. યુરોપીય સંઘના માનવ મગજ પ્રોજેક્ટની સહાયથી સ્પિનનેકર વૈજ્ઞાનિકોને વિગતવાર મગજના મોડલો બનાવવામાં મદદ કરશે. ઉલ્લેખનીય છે કે યુરોપીય સંઘનો આ પ્રોજેક્ટ આભાસી માનવ મગજ બનાવવા માટેનો પ્રયાસ

છે. હવે સ્પિનનેકરની ક્ષમતા ૨૦૦ ક્વાર્ડિલિયન (૨૦૦=દસ લાખ અબજ) જેટલાં કાર્યો એક સાથે કરી શકે છે. જ્યારે કેટલાંક અન્ય કોમ્પ્યુટરો તેમનામાં રહેલાં પ્રોસેસરોની સંખ્યાની દ્રષ્ટિએ સ્પિનનેકરની હરીફાઈ કરી શકે છે, પરંતુ આ પ્રોસેસરોને જોડતા આંતરમાળખાના કારણે સ્પિનનેકર અલગ પડે છે. માનવ મગજમાં ૧૦૦ અબજ ન્યુરોન એક સાથે સળગે છે અને હજારો સ્થળે તે સંકેત મોકલે છે. સ્પિનનેકરનું આર્કિટેક્ચર તેના પ્રોસેસરો વચ્ચે અદ્‌ભુત સંદેશાવ્યવહારની ક્ષમતાને જન્મ આપે છે. આ રીતે તે મગજના ન્યુરલ નેટવર્કની જેમ જ કામ કરતું જણાય છે.

માન્ચેસ્ટર યુનિવર્સિટીના પ્રાધ્યાપક સ્ટીવ ફર્બરે કહ્યું કે, ''પરંપરાગત સુપર કોમ્પ્યુટર જોડાણની મિકેનિઝમ હોય છે જે વાસ્તવિક સમયમાં કામ કરતા મગજના મોડલને બહુ ઓછી અનુકૂળ આવે છે. જ્યારે મારા મતે સ્પિનનેકર બીજા કોઈપણ મશીન કરતાં વાસ્તવિક સમયમાં વિશાળ સ્પાઈકિંગ ન્યુરલ નેટવર્કનું મોડલિંગ કરવામાં સક્ષમ છે.''

અગાઉ જ્યારે સ્પિનનેકર માત્ર પાંચ લાખ પ્રોસેસરો સાથે જ કામ કરતું હતું ત્યારે તેણે કોર્ટેક્સમાં ૮૦ હજાર ન્યુરોનને મોડેલ કર્યા હતા. કોર્ટેક્સ મગજનો એવો પ્રદેશ છે જે ઈન્દ્રિયો તરફથી આવતી માહિતીનું સંચાલન કરે છે. મગજનો બીજો એક ભાગ બેસલ ગાંગ્લિયા છે જેની નકલ પણ સ્પિનનેકર કરે છે. મગજનો આ વિસ્તાર પાર્કિન્સન્સના રોગના કારણે અસર પામતો હોય છે. આનાથી સંકેત મળે છે. કોમ્પ્યુટર મગજની ખામીઓનો અભ્યાસ કરવા માટે સંભવિત સાધન હોઈ શકે છે.

સ્પિનનેકર સ્પોમિબોટ નામના મોબાઈલ રોબોટનું નિયંત્રણ પણ કરી શકે છે. તે રોબોટના દ્રશ્ય સેન્સરમાંથી માહિતીનું અર્થઘટન કરવા કોમ્પ્યુટરનો ઉપયોગ કરે છે અને કઈ તરફ જવું તેની પસંદગી સમયમાં કરે છે. તેની તમામ ગણના શક્તિ અને મગજ જેવી ક્ષમતાઓના કારણે સ્પિનનેકર વાસ્તવિક માનવ મગજથી કેટલું નજીક છે? અત્યારે તો માનવ મગજની અદલ નકલ કરવી શક્ય નથી તેમ ફર્બર માને છે. સ્પિનનેકર જેવું આધુનિક યંત્ર માનવ મગજ દ્વારા થતાં સંદેશાવ્યવહારનો એક નાનકડો હિસ્સો જ સંભાળી શકે છે અને સુપર કોમ્પ્યુટર પોતાની રીતે વિચારતાં થાય તેને હજુ ઘણી વાર છે તેમ ફર્બરે લખ્યું છે.

દસ લાખ પ્રોસેસરો હોવા છતાં આપણે માનવ મગજના માત્ર એક ટકા જેટલું જ કામ આ સુપર કોમ્પ્યુટર પાસે કઢાવી શકીએ છીએ. જોકે સ્પિનનેકર ઉંદરના મગજના કાર્યની નકલ જરૂર કરી શકે છે. ઉંદરનું મગજ માનવના મગજ કરતાં એક હજાર ગણું નાનું છે. સાચા માળખામાં જોડાયેલા પૂરતા ન્યુરોન હોય તો ઉંદર જેવું મગજ શક્ય છે તેમ ફર્બરે કહ્યું હતું.

(ચિત્રલેખા, તા.૨૭ - ૧૧- ૨૦૧૮)

નવ તત્વ

અજીવ તત્વ

અજીવ - જડ પદાર્થ, જેનામાં જીવ નથી, ચૈતન્ય રહિત, ઉપયોગ રહિત પદાર્થ/તત્વ. આ અજીવ તત્વ એટલે પુદ્‌ગલ ખાટલા, પાટલા, વસ્ત્ર, ઈત્યાદી અનેક વસ્તુઓ. સૃષ્ટિમાં કોઈ અજીવ તત્વો એવા પણ છે કે જે આપણે ચક્ષુ દ્વારા જોઈ શકતા નથી. તે અજીવ દ્રવ્ય તરીકે પણ પ્રસિદ્ધ છે -

૧. ધર્માસ્તિકાય
૨. અધર્માસ્તિકાય
૩. આકાશાસ્તિકાય
૪. પુદ્‌ગલાસ્તિકાય
૫. કાળ

અસ્તિ - પ્રદેશ, **કાય**-સમુહ પ્રદેશોનો સમૂહ તે અસ્તિકાય છે, પ્રદેશોના સમૂહરૂપે છે. કાળ એક પ્રદેશી છે તેથી અસ્તિકાય નથી.

ધર્માસ્તિકાય - ગતિસહાયક. જીવ અને પુદ્‌ગલને ગતિ આપવામાં સહાય કરે છે.

અધર્માસ્તિકાય - સ્થિતિસહાયક. જીવ અને પુદ્‌ગલને સ્થિતિ આપવામાં સહાય કરે છે.

આકાશાસ્તિકાય - જગ્યા આપવામાં સહાયક (સર્વ પદાર્થોને).

પુદ્‌ગલાસ્તિકાય - વર્ણ, ગંધ, રસ સ્પર્શવાળુ.

કાળ - વસ્તુના પરિવર્તનમાં સહાયક

સ્કંધ : વસ્તુનો આખો ભાગ. દા.ત. બુંદીનો આખો લાડુ.

દેશ: વસ્તુનો જોડાયેલો સમૂહ ભાગ-ખંડિત છતાં નાનો ભાગ (અમુક ભાગ)

પ્રદેશ: વસ્તુમાં રહેલો નાનામાં નાનો અંશ (લાડુમાં રહેલી કળીઓની જેમ) જેના કેવળી ભગવંતની દ્રષ્ટિએ બે ભાગ નથી.

પરમાણુ: વસ્તુથી છૂટો પડેલો એ અંશ, જેનો પાછો ભાગ ન થઇ શકે (લાડવાથી છૂટી પડેલી કળીની જેમ).

પુદ્‌ગલના વિશેષ લક્ષણો

શબ્દ (અવાજ, ધ્વની)

૩ પ્રકાર :

સચિતઃ
મુખ વડે બોલેલા

અચિતઃ
વસ્તુઓ વડે પરસ્પર નીકળતો શબ્દ

મિશ્રઃ
જીવના પ્રયત્ન વડે, માઈક આદિ વસ્તુઓ દ્વારા નીકળતો શબ્દ

વર્ણ (રંગ/રૂપ):
શ્વેત, રક્ત-લાલ, પીત-પીળો, નીલ (લીલો), કાળો

ગંધ :
સુગંધ - દુર્ગંધ

રસ :
તક્ત (તીખો), કટુ (કડવો), કષાયેલો (તૂરો), આમ્લ (ખાટો), મધુર (મીઠો)

સ્પર્શ:
ઉષ્ણ-શીત, સ્નિગ્ધ(ચીકણો)-રૂક્ષ (લુખો), લઘુ (હળવો) - ગુરુ (ભારે), કર્કશ - મૃદુ

કાળનું સ્વરૂપ

નિશ્ચયકાળ
(એક સમયવર્તી વર્તમાન કાળ)

વ્યવહારકાળ
(ચાલતા સૂર્ય ચંદ્રની ગતિ અનુસાર પ્રસિદ્ધકાળ)

૩ પ્રકાર : ભૂતકાળ, ભવિષ્યકાળ, વર્તમાનકાળ

અજીવ તત્વને સમજવા શા માટે ?

અજીવતત્વનું જ્ઞાન કરી તેના હેય, જ્ઞેય, ઉપાદેયતાનો વિવેક કરતા

જીવ તત્વ દેહાદિથી કેવું ભિન્ન છે તેનું ભાન → સ્વરૂપની પ્રાપ્તિ થાય છે

જીવની શુદ્ધતાને આવરણ કરનાર પુદ્‌ગલ પરમાણુ - દેહ, ઈન્દ્રિય, ધન, પરિવાર સર્વ પુદ્‌ગલ જનિત છે.

કર્મના સ્વરૂપને જાણીને તેનાથી છૂટવાનો પ્રયાસ → જીવને કર્તા ભોક્તાપણું છૂટી સ્વરૂપપદર્શન થાય છે.

Your Health is Your Wealth



JAMUN has an abundance of VITAMIN C. It is excellent for TEETH and GUMS. Vitamin C helps cure wounds like bleeding gums. The antibacterial property of the juice helps wade off any bacteria that might enter through the mouth, preventing bad-breath issues as well.



GREEN TEA is rich with powerful ANTIOXIDANTS that help to reduce inflammation, which could damage the LIVER. Not only that, they also help to boost LIVER ENZYME LEVELS.



Preferably, have STRAWBERRIES after you have a Meal. Strawberries slows down digestion and regulates Blood Sugar levels especially after the consumption of a Meal.

VITAMIN B12 plays a key role in making healthy RED BLOOD CELLS, and is essential for a healthy IMMUNE SYSTEM. It also aids in regular CELL METABOLISM and the BRAIN FUNCTIONS depend heavily on Vitamin B12. Vegetarian foods rich in Vitamin B12 include ALMOND MILK, COCONUT MILK, SOY PRODUCTS, CEREALS, MUSHROOMS, CHEESE and CURD.



The benefits of having SPINACH are unlimited. Spinach is low in FAT and even lower in Cholesterol. Spinach is high in Zinc and even higher in Fibre, Vitamins!! So, how about a PALAK PARATHA today?



Key benefit associated with PUMPKIN SEEDS is the fact that they are rich in HEART-FRIENDLY magnesium. They are rich in ANTIOXIDANTS which reduce inflammation, which could potentially damage the heart.



WALNUTS are a rich source of Omega-3, making it a Fat burning food. Makes for a great snack when you are HANGRY!!!



Acidity? Have a GUAVA. Guava blocks excessive secretion of STOMACH ACIDS and even neutralises it. They immediately give relief from burning pain of ACIDITY.



DATES have ample loads of IRON, which make them a perfect DIETARY SUPPLEMENT for people suffering from anaemia. It will help in decreasing the symptoms of anaemia besides increasing ENERGY and STRENGTH.



Not only BANANAS are known for its potassium, but it also is a great source of Resistant Starch (which is responsible for WEIGHT LOSS). Besides, Bananas helps regulate Blood Pressure too.



FATTY LIVER DISEASE is a condition whereby excess fat is stored around the liver. GRAPEFRUIT contains active ingredients, which naturally boost the amounts of enzymes in the liver and these enzymes BURN OFF EXCESS FAT before it has a chance to coat the liver.



Watermelon Salad

Ingredients

2 cups deseeded watermelon cubes
1 cup cucumber pieces
1 cup capsicum pieces
1 cup half cut green grapes

Dressing:

2 tbsp orange tang powder
1 tbsp water
1 tbsp vinegar or Lime juice
Salt, pepper to taste

Method

Cut and mix all the vegetables and fruit. Chill it. Mix the dressing in a bowl and toss it with the above first before serving.



Palak Pakoda

Ingredients


1 cup chana dal
1 cup finely chopped palak
1 cup finey chopped cabbage
1 tbsp Ginger, green chilli paste
1 tbsp coarsel by grounded black paper
Pinch of soda bicard
Salt to taste
Oil for frying

Method

Soak the dal for about 3 hours. Grind it coarsely in a mixi to a thick consistency.
Add the rest of the ingredients.
Leave the oil to heat, once heated place the batter on the finger to form flat pakodas and put them in oil to fry until golden brown.
Serve with green chutney.



તત્ત્વ પહેલી



આડી ચાવીઓ :

૨) કર્મનું બીજ 'તે .....' (૪)

૩) જ્ઞાનીની, તેના વચનની વિરોધના કરવાથી ..... કર્મ બંધાય છે (૬)

૬) ..... મુખ્ય આઠ છે, પેટા વિભાગમાં ૧૫૮ છે (૫)

૭) મુમુક્ષુએ પરમ ભક્તિ સહિત પ્રત્યક્ષનો ..... ઉપાસવા યોગ્ય છે (૩)

૮) સંસારના પદાર્થોમાં જ ..... રહ્યા કરે છે (૩)

૧૦) આ કાળમાં ..... જીવો ઘણાં ઓછા છે (૪)

૧૧) ગુણીનાં ..... માં અનુરક્ત થાઓ (૨)

૧૨) જેમ છે તેમ આત્મ સ્વરૂપ જાણવું તેનું નામ ..... છે (૪)

ઊભી ચાવીઓ :

૧) ..... કાળથી આ જીવ ભ્રાંતિમાં જ છે (૩)

૪) ભગવાનની ભક્તિનું સાચું સ્વરૂપ ..... (૮)

૫) કર્મ બે પ્રકારનાં એક નિકાચિત અને બીજા ..... ઉદયમાં આવે છે તે (૪)

૬) જ્ઞાની પુરુષની ..... અપરંપાર છે (૩)

૯) જ્ઞાનીની આજ્ઞામાં આધીન થવાથી ..... જાય છે (૪)

૧૩) સ્યાદવાદ શૈલીએ જોતાં કોઈ ..... અસત્ય નથી (૨)

FORTHCOMING EVENTS

12th to 14th July, 2019	Gurupurnima Celebration - 2019	Research Centre	Parli
28 July, 2019	Param Gyaan Sabha	Vasant Smriti	Mumbai
11 August, 2019	Param Gyaan Sabha	Vasant Smriti	Mumbai
27th August to 3rd September, 2019	Paryushan Mahaparva 2019	Research Centre	Parli
14th to 15th September, 2019	RIYF - InQuest Shibir	Research Centre	Parli
22nd September, 2019	Param Gyaan Sabha	Vasant Smriti	Mumbai
6th October, 2019	Param Gyaan Sabha	Vasant Smriti	Mumbai
12th to 13th October, 2019	RIYF Shibir	Research Centre	Parli

Shree Premacharyaji's Satsang DAILY relay on **ARIHANT CHANNEL**at 9 am/11.20 pm
Shree Premacharayaji's Satsang is available live on **www.vitraagvigyaan.org**

PUBLISHED BY: Printed and Published by Himanshu Gandhi on behalf of Spiritual Impressions Private Limited and Printed at M/s. Hemprints at Chowgule House, Amrut Nagar, Off. M.V. Road, Chakala Naka, Andheri (East), Mumbai 400093 and Published from 703, Sharda Chambers, 15, New Marine Lines, Mumbai 400020.

EDITOR : Dr. Meena Goshar. **DESIGN:** Hari Creation - 9561437108

CORRESPONDENCE ADDRESS

ANANYA PARIVARTAN

C/o Shrimad Rajchandra Aatma Tatva Research Centre

703, Sharda Chambers, 15, New Marine Lines, Mumbai 400020 Tel: +91 22 22005727 Email: info@simpl.in

જ્ઞાનદાન સૌજન્ય

નિમિષ રણધીર ઝવેરી, મુંબઈ

સ્વીટીબેન સત્સંગ ગ્રુપ - મુલુંડ, મુંબઈ

ANANYA PARIVARTAN

Requirement for Experienced Creative Designers

ANANYA PARIVARTAN is looking for young, dynamic, sevabhavi, dedicated, experienced and persons having creative abilities for designing and layout of Magazine to be a part of the Editorial Team.

Persons interested may contact:

Meena Goshar : 9819317038 Sanju Rawell: 9820186548

SPONSORSHIP – GYAN DAAN
For ANANYA PARIVARTAN

ANANYA PARIVARTAN is our organization's spiritual magazine aimed to spread the principles of Vitraag Vigyaan. Commercial advertisements are not accepted to respect spiritual sanctity. However, we offer several Gyan Daan opportunities to one and all. Sponsor an issue or a page on birthdays, anniversaries and other occasions and earn Punya. Gyan Daan is considered to be one of the best forms of Donation and it helps to shed off layers of ignorance from the Soul – Aatma.

Annual	**: Rs. 3,00,000/- (For all 6 issues)**
One Issue	**: Rs. 50,000/-**
Back Cover	**: Rs. 9,000/-**
Inside Front Cover	**: Rs. 7,500/-**
Inside Back Cover	**: Rs. 6,000/-**
Centre Spread	**: Rs. 11,000/-**

For Sponsorship, please contact:

Dr. Meena Goshar : 09819317038, mgoshar@yahoo.com
Sanjiv Rawell : 09820186548, sanjurawell@gmail.com
Pratibha Chheda : 09324715450, pratibhachheda06@gmail.com
Dina Shah : 09833822320, dinashah09@gmail.com

Shrimad Rajchandra Aatma Tatva Research Centre
703, Sharda Chambers, 15, New Marine Lines, Mumbai 400020. Tel: +91 22 22060477 **Email :** info@simpl.in

Subscription Year : April to March

SUBSCRIPTION RATES

◆ **One Year : Rs. 400/-**

ANANYA PARIVARTAN
Shrimad Rajchandra Aatma Tatva Research Centre

703, Sharda chambers,15 New Marine Lines, Mumbai-400020
Contact No: 022-22060477 **Email:** info@simpl.in **website:** www.vitraagvigyaan.org

Annual Subscription Form

(Please fill the form in capital letters)

Name of the Subscriber: _____

Address of Delivery : _____

_____ Landmark: _____

City: _____ PinCode: _____ State:_____ Country: _____

Tel: (R)_____ (O)_____

Mobile:_____E-mail:_____

Mode of payment: Cash / Cheque / DD No. _____ Dated _____

Drawn on Bank _____ for **Rs.** _____/-

(Rupees _____ only).

Date: ___/___/_____ Signature of the Subscriber

* Subscription form should be sent to the above address.

Any amount payable can be directly deposited by cheque in any branch of **Indian Bank Current A/c No. 6145603669** (Cumballa Hill) for credit of "**Shrimad Rajchandra Aatma Tatva Research Centre".** Please email to info@simpl.in after making deposit in Bank.

SHREE RAJ EDUCATIONAL CENTRE



Shree Raj Educational Centre provides quality education to less-privileged rural children at Parli - the first English medium school in entire Sudhagad Taluka.

- 1000+ students (academic year 2018-19) from 85 neighbouring villages over 38 km radius take benefit of this highly subsidized education.
- 40% of students are girls - inspite of being a rural area.
- Fully equipped with Computer Lab, Dance & Music Academy; Library; Biology; Physics, Chemistry Labs, Activity rooms, Work-experience rooms & Staff rooms.
- Computers & E-learning initiated from 1st Standard.
- Free uniforms, shoes, textbooks, notebooks, healthy protein-rich mid-day snack and subsidized transport provided.
- Well-trained teachers with minimum B. Ed. Qualification.
- All areas under CCTV surveillance.
- Rated 9/10 under the RTE Ratings by Govt. of Maharashtra on their website.
- First 'Green school' in the Taluka by adapting to Solar Power generation.
- Our effort to promote rural education "Education First" has been recognized by "A World at School" - an international campaign in 85 countries.



vitraag vigyaan

Shrimad Rajchandra

Aatma Tatva Research Centre


प्रभु मेळववा
गुरु भगवान

Research Centre

Raj Nagar, Post Gothavade, Parli, Taluka Sudhagadh,
Off Khopoli-Pali Road, Dist. Raigad-410205
Tel. : +91 78754 32613

Head Office

702, Sharda Chambers, 15 New Marine Lines,
Mumbai - 400 020 Tel. : +91 22 22005727
E-mail : info@vitraagvigyaan.org
Helpline : +91 99200 19903
(Queries regarding Research Centre,
Satsang, Satsang Centres & Activities)



पूर्णिमा